Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

**Published on 10th of every month**
**Yearly Subscription Rs. 50/-**

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

**Vol. No. 26, Issue No. 09    10th June, 2022    Annual Subscription Rs. 50=00**
વર્ષ : ૨૬, અંક : ૦૯    ૧૦મી જૂન, ૨૦૨૨    વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦




**અમારા જેવા મહાત્માઓને સમાજ પર નભવું પડે છે, એટલે તેઓ સમાજને થાબડ્યા કરે છે અને સાચી વાત કરતા નથી.**

**ધંધો સાધુનો-વેશ બહુરૂપીનો, પણ જે વેશ ભજવવો જોઈએ તે ભજવતા નથી, એટલે સમાજના અને ભગવાનના એક નંબરના દુશ્મન છીએ.**

**- શ્રીમોટા**

*'મૌનમંદિરમાં પ્રભુ', ત્રીજી આ., પૃ. ૬૭*



પરમ પૂજ્ય કેશવાનંદજી મહારાજ (ધૂણીવાળા દાદાજી)

**મારા ગુરુમહારાજે આ બધું શિખવાડેલું. તેઓ તો કહેતા હતા કે 'આ આયુષ્ય તો ફટકિયાં મોતી જેવું છે. પણ લોકોને એ સૂઝતું નથી. લોકો તો અંધારામાં છે. માટે આવું કંઈક કર.' આ મૌનમંદિરો એટલા માટે બંધાવ્યાં કે લોકો અંદર અઢાર કલાક સળંગ સ્મરણ કરે, મથે. એના સંસ્કારો ઘણા ઊંડા પડશે. અંદર રહેશો તેટલો વખત બહારની પ્રવૃત્તિ પણ બંધ પડશે. મારા ગુરુમહારાજે કહેલું કે 'તારી આ પ્રવૃત્તિ તારી હયાતી દરમિયાન નહિ સમજે, પણ તારું શરીર નહિ હોય ત્યારે એની કિંમત સમજાશે.' હું આખું હિંદુસ્તાન ફર્યો છું પણ ક્યાંય એકતાન થવાની સરળતા પ્રગટે એવું જોયું નથી.**

**- શ્રીમોટા**

'ભગતમાં ભગવાન', આવૃત્તિ છઠ્ઠી, પૃષ્ઠ ૪૪૩

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૬ અંક : ૯ જૂન, ૨૦૨૨

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશચંદ્ર વોરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (એરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા તથા**
**'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા**
**ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,**
**નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,**
**નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,**
**Mo. / SMS / Whatsapp - 9427554391**
**ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.**
**ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.**

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
**યુકો બેંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭**
**બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
**IFS Code : UCBA0001687**
**બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.**
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org** ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦

* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

ટાઈટલ : **મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩**

**અનુક્રમ**

૧. પદ્યપ્રસાદી : ...................... .....શ્રીમોટા ૦૪
૨. સંસારમાં સાધના ..........................શ્રીમોટા ૦૫
૩. આશ્રમ વિષે ભવિષ્યવાણી .. સંપાદક : રતિલાલ મહેતા ૦૭
૪. સાધનાના સાંકડા માર્ગ પર પ્રાર્થનાનું બળ .....શ્રીમોટા ૦૯
૫. મંત્રશક્તિનો પ્રતાપ .................. શ્રી નંદુભાઈ
........................ સંપાદક : ઈન્દુકુમાર દેસાઈ ૧૦
૬. મારી સાધના ............ દાસાનુદાસ - દયાનંદ તીર્થ ૧૩
૭. ભગવાનનો ભાવ હાજરાહજૂર .............શ્રીમોટા ૧૬
૮. ભાવનામાં ચેતનતા છે ...........સ્વામી શ્રી સદાશિવ ૧૭
૯. નાવડીના સહારાની સભાનતા ...............શ્રીમોટા ૧૯
૧૦. પ.પૂ.ધૂણીવાળા દાદા શ્રીકેશવાનંદજીની વિશિષ્ઠ લીલાઓ
...................... સંકલન : ભાલચંદ્ર જી. શુક્લ ૨૦
૧૧. વિચારો માત્ર અટકે તો ઉત્તમ ................શ્રીમોટા ૨૨
૧૨. 'અવધૂત' એટલે .................... ડૉ. અરુણ શેલત ૨૩
૧૩. પ્રસંગરંગ - ''અમે બધાનું બધું જ જોઈ રહ્યા છીએ''
................................. કાર્તિકેય અ. ભટ્ટ ૨૪
૧૪. પૂજ્ય શ્રીમોટાએ પોતાનાં પુસ્તકોનાં નામ
'જીવન'થી કેમ શરૂ કરેલાં ? ..................શ્રીમોટા ૨૫

## જ્ઞાનદાન સહયોગ

પૂજ્ય શ્રીમોટાનાં ૮૪મા સાક્ષાત્કારદિન-રામનવમી ઉત્સવના સહયજમાન શ્રી રૂપેશભાઈ રમેશભાઈ પટેલ પરિવાર મુ. પલાણાનિવાસી (હાલ USA) તરફથી આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે. તે બદલ અમો-હરિવાણી ટ્રસ્ટ - આ પરિવાર પ્રત્યે ઘણા ઘણા આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

**- સંપાદક**

## (૧) પદ્યપ્રસાદી : શ્રીમોટા

(અનુષ્ટુપ)

(૧)

ઘંટીનું પડ માયાનું ગળે જે વળગેલ છે,
કેમે કર્યુંય ના છૂટે કોટિ પ્રયત્નયે કરે,
ઉપાય એકલો માત્ર મુક્ત તેથી થવાતણો,
એકલી હરિની ભક્તિ, માયાને પહોંચી તે વળે.

(૨)

કેવા આઘાત દેવાના આવેલા ભાગ માહરે !
વારંવારે જ સંકોરી પડેલું લાવવું પદે,
શ્રીહરિપદ ખીલે તે બાંધી લીધેલ તે પછી
ગમે ત્યાં ભટકે છોને, ખીલેથી ના શકે ચસી.

(૩)

છૂટવી દુન્યવી માયા મહામુશ્કેલ કેવી છે,
તે કાજે એકલો માત્ર ઉપાય ભક્તિમાર્ગ છે,
ભજતાં ભજતાં ભાવે જ્યાં એકાગ્ર થવાય છે,
સંપૂર્ણતા થતાં તેમાં માયાનો લય થાય છે.

(૪)

હરિ જેને વરેલો છે, બુદ્ધિ તેની કૃપાથી તે,
હરિ જેવી થતી જાય, ખૂબી તે ભક્તિની શી છે !
ભક્તિથી સૌ મનાદિ શાં થતાં એકાગ્ર તે રસે,
રહે રંગાયેલાં પૂરાં મનાદિ સૌ હરિરસે !

'ભાવ હર્ષા', પ્ર.આ. પૃ. ૧૮૯, ૭૭, ૧૪૨, ૧૯૦

### નિરાંતે ઊંઘો શું !

(શિખરિણી)

ખરું જે પોતાનું ત્યજી દઈ બીજે ચિત્ત ધરીને,
રળેલું ખોઈને અવર પર આધાર ધરતા,

મળેલી સોનેરી તક જીવનમાં છોડી દઈને
જગે મૂર્ખા રાચે મૃગજળ સમાં કાર્યમહીં શા !

મહા મોંઘા આવા જીવનધનને વેડફી દઈ,
નિરાંતે ઊંઘો શું ! મનહૃદય ચિંતા ન કંઈ શું !

સફાળા જાગીને સતત હૃદયે જાગ્રતિ ધરી,
ઊંડું મંડ્યા રહેજો, કણ કણ કરી એકઠું બધું.

તમન્ના ધારીને મન પર પૂરી વાત લઈને,
બીજામાંથી ખેંચી સતત નિજમાં લક્ષ દઈને,

બધાંથીયે નોખું નિજમહીં રહી મસ્ત થઈને,
રહેશો, તો નિશ્ચે સફળ કરશો કાર્ય નિજ જે.

થતું જે કૈં છોને, પણ ન ગણકારી હૃદય તે,
પૂરું મંડ્યા રહેજો, મુજ પર કૃપા તો ગણીશ તે.

જીવન સંશોધન, ત્રીજી.આ. પૃ.૯,૧૦ ❑

## (૨) સંસારમાં સાધના

**શ્રીમોટા**

જીવનનું ઘડતર નામર્દ કે મામૂલી જીવથી થતું નથી. **સંસારમાં તો હજીયે મોટી હોળી પણ પ્રગટે, પણ તે તે બધું આપણાં પોતાનાં જ કર્મનું પરિણામ છે.** તેમાં કોઈ જીવનો કંઈ કશો દોષ ના જોવાય અને જે તે કંઈ આપણા પોતાના લીધે જ છે એવી સર્વ પરત્વે જીવતી ધારણા રખાય, તો જે તે બધા જીવ પરત્વે મનમાં સદ્ભાવ જીવતો રહી શકે, અને આપણે વધારે ને વધારે પ્રભુને ચરણે શરણાગત થવાને લાયક એની કૃપાથી બની શકીએ.

મેંદી સારી પેઠે કઠણ પથ્થર પર વટાઈ વટાઈને, સાવ એકરસ લોંદા જેવી બની જાય છે, ત્યારે જ તે ચરણનો સ્પર્શ થવાને, તેમાંથી રંગ નિપજાવવાને યોગ્ય નીવડે છે. પારો અગ્નિમાં પૂરેપૂરો પરિપક્વ થતાં એની ભસ્મ ભારે ગુણકારી નીવડે છે. સોનું ભઠ્ઠીમાંના સખત તાપમાં ભસ્મ બનતાં તેનો ગુણ શરીરમાં શક્તિ પ્રગટાવવાનો બને છે. એવી રીતે **જે જીવને જીવનની સાધના કરવી છે, તેને કાજે સંસારવહેવારનો દાવાનળ એ તો જીવનને ગળાઈ ગળાઈને સંપૂર્ણ શુદ્ધ થવાવા કાજેની ભઠ્ઠી છે, બલકે યજ્ઞ છે.**

આમ, જીવનમાં તેવી વેળા જે જીવ ઉપર પ્રમાણેની ભાવના મનમાં જીવતી રાખી શકે, તેવો જીવ તેવી વેળા તેમાં ડૂબી મરતો નથી. તે જ સાચો ધીર વીર સાધક છે. **મેં તો ઘણી વેળા લખ્યું છે, કે સાધના મહાન પરાક્રમી નર કાજેની છે.** એમાં જેવા તેવાનું કામ નથી, એ હકીકત છે.

વર્ષમાં જેમ જુદી જુદી ઋતુઓ પ્રગટે, તેમ જીવનમાં પણ થાય. વાદળાં પણ જરૂર આવે. પણ તે જરૂર વીખરાઈ જવાનાં. સદાકાળ કોઈની કંઈ એકની એક દશા પ્રગટેલી રહી શકતી નથી. સહુ કંઈ ફેરવાતું જતું રહે છે. હોળી પણ પ્રગટે છે. પણ તે શાંત થઈ જવાની જ હોય છે, તે પણ નક્કી.

**કાગળ એ તો સત્સંગ છે,** હૃદયમાં ભાવના જગાડવા અને પ્રેરણા કાજેનું તે એક અમૂલ્ય સાધન છે. બાકી તો હૈયામાં આપણે તો એને જીવતો રાખવાનો છે. જો પ્રેમભક્તિપૂર્વકની તેવી ભાવના હૃદયમાં પ્રગટેલી રહી શકે તો આ જીવ પ્રભુકૃપાથી દૂર લાગવાનો નથી. ભાવનાથી કરીને ઘણું હેત વછૂટે છે. સાહસ, હિંમત, ધીરજ, સહિષ્ણુતા, સર્વ પરત્વે સદ્ભાવ અને સમતા વગેરે ગુણોનું સમાર્થ્ય પ્રેર્યા કરો એવી પ્રભુને પ્રાર્થના કરું છું. આપણું કામ હલમલી ઊઠવાનું નથી. **નામર્દ તો જીવનમાં અનેક વાર મરણ પામે છે.** એવા જીવવાપણામાં સાર પણ ના હોય. જીવન જો જીવવું જ હોય તો જીવનવિકાસના યજ્ઞ કાજે મરી ફીટી ફીટી સર્વ રીતે ફના થઈ જવા કાજે છે. એવું જીવન એ તો આપણું સદ્ભાગ્ય છે. એવી જીવનની ફનાગીરીમાંથી જ જીવનની ફોરમ પ્રગટે છે. એ જ આ જીવનો પ્રેમાળ સંદેશો છે.

જીવનમાં પ્રસંગો સિવાય બીજા શેનાથી આપણે ઘડાઈ શકાવાનાં છીએ ? તેથી **પ્રસંગોમાં તો ગુરુ બિરાજેલા છે,** એવી જીવતીજાગતી ભાવના હૃદયમાં જે જીવ રાખે છે, એવા હેતુના જ્ઞાનભાનથી જે જીવ પ્રસંગોને સ્વીકારે છે, તેવો જીવ પ્રસંગોથી આવરાઈ જતો નથી, લેવાઈ જતો નથી, તો પછી એનાથી સંતાપ તો પામી જ કેમ શકે ? પ્રસંગોમાં જો ત્રાસ, કંટાળો, અણગમો, ક્લેશ, ઉપાધિ આદિ જીવને લાગ્યું, તો જાણવું કે પ્રસંગોમાં સદ્ગુરુની ભાવનાનો સત્કાર થયેલો નથી. અને પ્રસંગોને તે રીતે અને તે ભાવે આપણાથી ગ્રહણ કરી શકાયેલા નથી. **પ્રસંગો તો પ્રત્યક્ષ ઘડનારા છે.** તેથી તો

સદાય આવકારને પાત્ર છે. પ્રસંગો સારા પણ હોય અને નરતા પણ હોય, પરંતુ આપણે તો તે બંનેમાં સદ્‌ગુરુની ભાવના જ દૃઢાવવાની.

આ સકળ સંસાર એની જ વ્યક્ત લીલા છે, એનો અનુભવ જીવને થવાનો છે. **આ સમસ્ત સંસાર જીવને તરાવવાને કાજે રચાયેલો છે,** પરંતુ કોઈ પણ જીવ સંસારને એ રીતે અને એ ભાવે કદી સ્વીકારી શકતો નથી. તેથી તે સંસારમાંથી શીખી પણ કેવી રીતે શકે ? માટે, સંસારથી કંટાળી જવાનું કે ત્રાસી જવાનું જે જીવ જાણેઅજાણે કરે, તેવા જીવને સાધનાની કશી ગતાગમ નથી એમ પ્રમાણવું. જે ચેતે છે, તે જ જાગી શકે છે. માટે સદાય જેના તેનાથી કરી ચેતતા રહી, જીવનને વિકાસ મળ્યા કરે તેવી ભાવનાને જ્યાં ત્યાં મહત્ત્વ હૃદયથી આપ્યા કરવાનું રહે છે.

જો તેમ કરી શકાશે તો ક્યાંય નિરાશા, દુઃખ, આદિને જીવનમાં આવતા હોવા છતાં, તેમનો તેમનો આવવાનો હેતુ ગમે તે હોય, પણ આપણે તો એને ભાવનાની રીતે જ સ્વીકારી શકવાના છીએ, અને જે હણવા આવે તે જીવનને તારીને જાય છે, એવો અનુભવ પણ આપણને થયા કરશે. તો જ પ્રભુ આપણી પડખે છે જ એવો પ્રત્યક્ષ ભરોસો હૃદયમાં જાગી જાય છે. એવો હૃદયમાં જ્યારે પાકો, સાચો ભરોસો જાગે છે, તેવી વેળા તો લાલચોળ થયેલા ધગધગતા લોઢાના થાંભલાને બાથ ભરવાનું આવતાં, તેને બાથ ભરવામાં જીવ જરા પણ ખંચકાતો નથી - પ્રહ્‌લાદની જેમ. તે તો તેમાં પણ મારો વહાલો પ્રભુ બિરાજેલ છે, એવું પ્રત્યક્ષ જ્ઞાનભાન તે જીવને થતું રહેતું હોવાથી તે તો એને પ્રેમથી ભેટે છે. આ હકીકત આપણે સમજવા જેવી છે, પ્રહ્‌લાદના જીવનની તેવી ઘટના માત્ર આલંકારિક છે, એમ કેટલાકનું માનવું છે, પણ તેવા પ્રકારના પ્રસંગોનું તેમ બનવું શક્ય પણ હોય છે. સંસારમાંના એવા બનતા પ્રસંગો તે રૂપ પણ બની જતા હોવા સંભવ હોય, પરંતુ તેમાં આપણા હૃદયની ભાવના પ્રહ્‌લાદના જેવી પાકા સાચા હૃદયના ભરોસાની જો પ્રગટી જાય, તો તો પછી આપણને કંઈ કશાનો ભય જ રહી શકતો નથી. આપણે સર્વ વાતે નિર્ભય અને નિરાંતવાળાં રહી શકીએ છીએ.

**આ જીવ સંસારમાં રહેલો છે,** અને તેની ઘણી જ ગરીબ અવસ્થા હોવાથી એને સાંભળવા કરવાનું ઘણું ઘણું આવેલું છે. માથે અપાર મુશ્કેલીઓ અને દુઃખ પ્રગટેલાં છે, પરંતુ શ્રીપ્રભુકૃપાથી અને ગુરુમહારાજના આશીર્વાદથી સાધનાના ભાવમાં જ રમમાણ રહ્યા કરવાનું એનું બન્યા કરતું હોવાથી અને પ્રસંગોમાં જીવનવિકાસની સમજણ અને સદ્‌ગુરુની ભાવનાનું જ્ઞાન જીવતું થતું જતું પ્રત્યક્ષ અનુભવવાથી, હૃદયમાં તેવી વેળા જે સામર્થ્ય પ્રગટતું હતું, તે તેની જ કૃપા હતી.

માટે, તેવી ભાવના કેળવવાની છે. **આપણે જીવતાં રહી શક્યાં તો કશું પણ અડી શકવાનું નથી.** કૃપા કરીને શ્રીપ્રભુની કૃપાબળમદદને હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરીને આવાહન કર્યા કરવું. એ બહુ દૂર નથી. અંતરમાં જ બિરાજમાન છે. પ્રસંગોમાં પણ તે જ છે. સંસારના જીવના દિલમાં પણ તે જ છે. અને તેમાં તેમાં ત્યાં ત્યાં રહ્યો રહ્યો તે આપણને તે તે રીતે ઘડવાને વાંછતો હોય છે. તો આપણે તેને ત્યાં ત્યાં પ્રેમભક્તિ જ્ઞાનભાવે જો હૃદયમાં આવકારીશું તો તે આપણામાં તે ભાવે જરૂર પ્રગટવાનો છે.

*'જીવન સોપાન' પૃ. ૨૨૭* ❑

## (૩) આશ્રમ વિષે ભવિષ્યવાણી

**સંપાદક - રતિલાલ મહેતા**

શ્રી બાળયોગી મહારાજ એકવાર (૧૯૨૨-૨૩માં) શ્રીમોટાને શેઢી નદીને કિનારે (નડિયાદ પાસે) લઈ ગયેલા ને એક ઝાડ પર બેસાડીને સાધના કરાવેલી. તેઓ ઝાડ પર બેસીને 'હરિઃૐ'નો જાપ કરી રહ્યા હતા, ત્યારે મધરાત પછી ઊંઘનું ઝોકું આવી ગયું, એટલે શ્રી બાળયોગીએ તેમને જોરથી એક પથ્થર માર્યો. તે જાંઘ પર વાગ્યો. તે નીચે પડત પણ સદ્‌ભાગ્યે તેમના હાથમાં એક ડાળ આવી જતાં, ભોંય પર પછડાતા બચી ગયા. આમ, જાગ્રતઅવસ્થામાં થતો જપ સાચો જપ છે, એમ મહારાજે સમજાવ્યું.

ત્યારે શ્રી બાળયોગીએ શ્રીમોટાને કહેલું, ''આ જગ્યા પર તારો આશ્રમ થશે.''તેઓ સાંભળી રહ્યા. ૧૯૫૪માં તેઓ આ જગ્યા પર એકવાર આવેલા, ત્યારે ગુરુ મહારાજની ભવિષ્યવાણી યાદ આવી. તે પછી આશ્રમ સ્થાપવાની તૈયારી કરવામાં આવી હતી. **૨૮-૫-૧૯૫૫ને રોજ હરિઃૐ આશ્રમની સ્થાપના થઈ.**

જે જગ્યાએ 'હરિઃૐ' આશ્રમ સ્થાપ્યો છે, ત્યાં જ પહેલાં કબીરપંથી સાધુ વસતા હતા. તેમના ઉપયોગમાં આવેલો એક ચોતરો આજે પણ ત્યાં મોજૂદ છે. તે જગ્યા પર કબીરપંથી સાધુ પહેલદાસજી મહારાજ રહેતા હતા. તેમણે તેમના દેહોત્સર્ગ અગાઉ એક ભવિષ્યવાણી ઉચ્ચારેલી. તેની નોંધ વડોદરાના શ્રી વિષ્ણુપ્રસાદ ઈશ્વરલાલ પંડ્યાએ ૩૦-૯-૪૫ને રોજ કરેલી. તેમાં જણાવ્યું છે કે :-

'આ જગ્યા પર કોઈ તપસ્વી થશે. દશ વરસ સુધી આ જગ્યાએ કોઈ રહેશે નહિ. ત્યારબાદ અહીં રળિયામણી જગ્યા થશે. અહીં રહે તેને કોઈ દિવસ કોઈની પાસે માંગવા જવું પડશે નહિ. શ્રીગુરુ બાળકદાસની મહીના રૂમની ગાદી કોઈએ ભવિષ્યમાં તોડવી નહિ ને આ જગ્યા પર ભજનભાવ કરનાર દુઃખી થાય તેમ નથી.' **આ નોંધ હરિઃૐ આશ્રમમાં સચવાયેલી છે.**

### સદ્‌ગુરુ ક્યારે બોલે ?

એક વેળા શ્રીમોટાના જીવનમાં એવી કટોકટીની પળ પ્રગટેલી કે પ્રાર્થના, જપ કે બીજાં કોઈ સાધન કામમાં આવી ન શક્યાં. તેથી કટોકટી નિવારવા બીજા બધા સ્થૂળ ઉપાયો પણ અજમાવેલા પણ કંઈ જ રીતે ફાવી ન શકે. એટલે આખરી ઉપાય તરીકે સદ્‌ગુરુને મળવાનું નક્કી કર્યું. પણ તેમનું કોઈ ચોક્કસ ઠેકાણું નહોતું. ક્યાં શોધવા ? ભારે વિમાસણ. તે સમયે હરદ્વારમાં કુંભમેળો ભરાયેલો. એટલે તેમણે વિચાર્યું કે, સાધુનું પિયર કુંભમેળો. મહારાજ કુંભમેળામાં હોવા જોઈએ. એટલે ત્યાં ગયા.

કુંભમેળામાં હજારો સાધુઓ ભેગા થયેલા. તેમાંથી શ્રી સદ્‌ગુરુને શોધી કાઢવાના. તેમણે પ્રતિજ્ઞા લીધી કે, મહારાજ મળે પછી જ ખાવું-પીવું. ચાર દિવસ તેમને શોધવામાં ગયા. પાંચમે દિવસે તેમનાં દર્શન થયાં. સાષ્ટાંગ નમસ્કાર કર્યા ને તેમનાં ચરણકમળમાં ક્યાંય સુધી માથું મૂકીને પડી રહ્યા ને જેમાંથી ઊગરવું હતું, તે કાજે તેમણે હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરી.

પોણાએક કલાક પછી સદ્‌ગુરુએ તેમને ઉઠાડ્યા ત્યારે શ્રીમોટા બોલ્યા : ''હું ચાર દિવસથી શોધ્યા કરું છું, પણ તમે નજીક છો તે તો દેખાયું જ નહિ.''

''હું તને જોતો હતો પણ જ્યાં સુધી તું મને જુએ નહિ ત્યાં સુધી બધું નકામું'' મહારાજે કહ્યું.

''અરે બાપ ! મને જરાક બોલાવવો તો હતો.''

''તને બોલાવવાનું કામ મારું નથી. મને બોલાવવાનું કામ તારું છે.''

ગુરુ મહારાજના આ વચનોનો સૂક્ષ્મ અર્થ શ્રીમોટાને પછી સમજાયો. વળી જે કાજે તેઓ તેમની પાસે ગયા હતા ને જે સ્થિતિમાંથી તેમને મુક્ત થવું હતું; તે મુક્ત થવાની કળા અને સાધન ગુરુમહારાજે બતાવ્યાં. શ્રીમોટા કહે છે કે, તે સાધના કરતાં કંઠે પ્રાણ આવી જાય એવું હતું, છતાં સદ્‌ગુરુનાં વચનમાં અચળ વિશ્વાસ હતો. એટલે તે પાછળ તેઓ તનમનથી લાગી ગયા ને સફળ થયા. એવી રીતે અનેક રીતે સદ્‌ગુરુની મદદ મળ્યા કરતી હતી.

**ચાચાજી**

શ્રી ગુરુદયાળ મલ્લિક, જેઓ 'ચાચાજી' નામે લોકપ્રિય હતા. શ્રીમોટા તેમને કરાંચીમાં મળેલા. તે પછી તેમને તેમની સાથે અવારનવાર મળવાનું થતું. તે સત્સંગ કરતા. શ્રીમોટા શાંતિનિકેતન ગયેલા. ત્યારે ચાચાજી ત્યાં પ્રોફેસર તરીકે કામ કરતા હતા. તેમના પ્રેમાળ સ્વભાવને લીધે બધા તેમને 'ચાચાજી' કહેતા.

ચાચાજી અમદાવાદ આવે ત્યારે ગાંધીઆશ્રમમાં (સાબરમતી) ઊતરે. તે શ્રીમોટાને મળ્યા વિના ન રહે. એકવાર શ્રીમોટાને ગૂમડું થયેલું. ચાચાજીએ તે જોયું. ગુદા ઉપર ગૂમડું બોર જેવડું થયેલું. બીજા દિવસે ચાચાજી શ્રીમોટા પાસે ગયા ને ગૂમડાની હાલત વિષે પૂછ્યું. ત્યારે શ્રીમોટાએ તેમને તે જોવાને કહ્યું. ચાચાજીએ જોયું. ગૂમડું હવે લીંબુ જેવડું થયું હતું. ચાચાજી કાંઈ બોલ્યા નહિ. એ રીતે ત્રીજા ને ચોથા દિવસે ગૂમડું મોટું થતું ગયેલું. કોઈકે શ્રીમોટાને ગૂમડાનો ઈલાજ કરવા સૂચવ્યું. શ્રીમોટા કહે કે, ''કાલે નહિ શમે તો જોઈશું.''

અને ખરેખર પછીના દિવસે ગૂમડું બેસી ગયું હતું. ચાચાજી પૂછે કે 'મોટા, ગૂમડું ક્યાં ગયું ?'

''જેમ આવ્યું હતું તેમ ચાલ્યું ગયું.'' શ્રીમોટાએ કહ્યું. તે રાત ચાચાજીએ એમના પ્રેમીજનોને કહ્યું : 'તમારે ત્યાં કોણ બેઠો છે. એની તમને ખબર નથી. એ તો અવધૂત છે, અવધૂત ! અવધૂતને બરાબર ઓળખજો.''*

ચાચાજીને તેમની જિંદગીના છેલ્લા દિવસોમાં ગળાનું કેન્સર થયેલું. ત્યારે તેઓશ્રી તેમના એક સ્વજન ડૉ. ફુલવરને ત્યાં રહેતા અને તેમની સારવાર લેતા. ત્યારે શ્રીમોટા મુંબઈમાં હોઈ ને ચેમ્બુર ચાચાજીને જોવા ગયેલા. ચાચાજી માંડ પ્રવાહી લઈ શકતા. ગળામાં ઘરઘરાટી ચાલુ જ રહે છે ને કફ વારંવાર બહાર આવે. શ્રીમોટાએ થોડીવારે ચાચાજીની આગળ બેસીને 'હરિઃૐ'ની ધૂન શરૂ કરી. લાંબો સમય ધૂન ચાલી. ચાચાજી આંખો બંધ કરીને ઊંડા ઊતરી ગયા. લાંબા સમય સુધી ગળાની ઘરઘરાટી બંધ થઈ ગઈ. વેદનાનાં ચિહ્નો દેખાયા નહિ. મોંઢા ઉપર પૂરી પ્રસન્નતા વ્યાપી ગઈ. આ જોઈને બધાં આશ્ચર્યચકિત થઈ ગયેલાં.

શ્રીમોટા ઘરે પાછા આવ્યા. તે બાદ તેમને ગળાનો દુઃખાવો શરૂ થયેલો. એટલે ગળે રૂમાલ બાંધી રાખતા. દાક્તરે બોલવાની મનાઈ કરેલી.

થોડા સમય બાદ ચાચાજીના શરીરનું અવસાન થયું. શ્રીમોટા તે પછી મુંબઈ આવેલા. ડૉ. ફુલવરે તેમને પોતાને ત્યાં પધારવા વિનંતી કરતાં તેઓશ્રી ચેમ્બુર ગયા.

**(અનુસંધાન પેજ નં. ૧૨ ઉપર)**

* 'તરણામાંથી મેરુ' (લે. સોમાભાઈ ભાવસાર), પૃ. ૨૯૮-૩૦૨

# (૪) સાધનાના સાંકડા માર્ગ પર પ્રાર્થનાનું બળ

**શ્રીમોટા**

આ સંસાર જીવનવિકાસ કાજેની સાધના માટેની કર્મયજ્ઞભૂમિકા છે. સાધનાની જીવંત પ્રચંડ ભાવના જો હૃદયમાં પ્રજ્વળતી ન રહી શકી તો સંસારના ચક્કરમાં આપણે ક્યાંય અટવાઈ જવાનાં અને સંસારથી આપણે કચડાઈ જવાનાં.

અધકચરાં અને અધવચલાં ક્યાંયના રહી શકતાં નથી. જગતને જાણે અજાણે એવા જીવોને કચરવાની એક પ્રકારે મઝા પણ પડે છે. તેથી સાધકે હંમેશાં પોતાની શ્રદ્ધાના અપાર પરમ બળથી ઝઝૂમવાની જ્ઞાનપૂર્વકની તૈયારી સેવવાની રહે છે. **પોતે એકલો છે, છતાં અટૂલો કે નોધારો નથી.**

જેના વડે કરીને જેનો જીવનદીપ પ્રગટેલો હોય એમ તે માને છે, તેની પ્રેરણા મદદ મેળવવાની કળા હૃદયમાં હૃદયથી પ્રાર્થના કરીને મેળવવી રહે. એમ કરીને પોતે જીવનમાં સંસારની અટવીમાં એકલો હોવા છતાં ખુમારી ને સ્થિરતા અનુભવી શકે છે. એવા જીવો પોતાનાં કર્મના યજ્ઞમાં મસ્ત રહ્યા કરે છે. સંસાર એવાઓને અવગણવામાં કશું બાકી રાખવાનો નથી. ચારે તરફથી જાણે કે દાવાનળ પ્રગટ્યો હોય એવું પણ બને, પરંતુ જે જીવ શ્રીપ્રભુકૃપાબળની મદદથી પોતાના હૃદયની શ્રદ્ધાના બળ પર ઝઝૂમે છે, એવો જીવ કોઈને પણ અવગણવાનું કે કોઈના પર આછું કે માઠું લગાડવાનું સમજતો નથી. જીવનના ઘડતર માટેના એ બધા કૃપા પ્રસંગો છે, એમ એ હૃદયથી સમજે છે.

એટલે સાધકે કસોટી કે પરીક્ષાના પ્રસંગોમાં શ્રીભગવાનને ભરોસે ટકી રહેવાનું હોય છે. આપણામાંની પ્રકૃતિ તે કંઈ માત્ર આપણા એકલામાં જ રહેલી છે એવું કશું નથી. તે તો બધાંનામાં પણ પડેલી છે. જ્યાં ત્યાંથી તે આપણને પોતાની પકડમાં ને રમતમાં રખાવ્યા કરવાને કારણે અનેક હલ્લાઓ મચાવવાની જ છે. તે પ્રકૃતિની બધી ચાલબાજી તો જીવનના ધ્યેય વિશેની જીવતી જાગતી થતી જતી ભાવનાને છિન્નભિન્ન કરી નાખવા કાજેની હોય છે. તેવો તે પ્રયત્ન કરતી રહેતી પણ હોય છે.

**'તેરી ગઠડી મેં લગા ચોર, મુસાફિર જાગ જરા.'**

એ પ્રકારની રેકર્ડ અત્યારે વાગી રહેલી છે. એમ અનેક પ્રકારના ચોર-અસુરો જીવનમાં દાવાનળ પ્રગટાવવા છતા થવાના છે.

**સાધનાનો સનાતન માર્ગ તો સાંકડો છે.** ઘણો ઘણો સાંકડો છે. શરૂશરૂમાં તો ઘણો ઘણો ગાઢ અંધકાર રૂંધાયેલો પણ રહ્યા કરે છે. કંઈ જ સૂઝતું કરતું હોતું નથી. મૂંઝાયેલા મૂંઝાયેલા રહ્યા કરવું પડે છે. ચારે તરફથી ભીંસ આવે છે. તેને કેમ પહોંચી વળવું એની સાધકને કશી ગતાગમ તે વેળા જાગેલી હોતી નથી.

આવા સંજોગોમાં સાધક માથે હાથ જોડી બેસી રહી શકતો નથી. તે તો પોતાના અંતરના પ્રભુની કૃપામદદ માટે તે કાળે અપાર વેદનાથી, ફાટતા હૃદયથી પ્રાર્થના કર્યા જ કરે

**(અનુસંધાન પેજ નં. ૧૨ ઉપર)**

## (૫) મંત્રશક્તિનો પ્રતાપ

શ્રી નંદુભાઈ ● સંપાદક : શ્રી ઈન્દુકુમાર દેસાઈ

જગતમાં અનેક પ્રકારની ઘટનાઓ બને છે. કેટલીક ઘટનાઓનો આપણે તાગ મેળવી શકીએ છીએ. વિજ્ઞાનના વિકાસ સાથે સાથે એ અંગેની શક્યતાઓ વધી ગઈ છે, પરંતુ હજુ પણ કેટલીક વિસ્મયકારક ઘટનાઓ એવી બને છે કે જેની આપણી વૈજ્ઞાનિક દૃષ્ટિ પણ સમજૂતી આપી શકતી નથી. આપણી બુદ્ધિથી એ સમજવું દુષ્કર છે. તેના રહસ્યને આપણે પામી શકતાં નથી, કોઈ કાર્ય-કારણનો સંબંધ આપણે કલ્પી શકતાં નથી. આવી ઘટનાઓને આપણે ચમત્કારનું નામ આપીએ છીએ, પરંતુ આપણે સમજવાની ને જોવાની શક્તિ કેળવીએ તો તેના હેતુનું રહસ્ય અને તેની યથાર્થતા આપણને જરૂર સમજાય.

આવી જ એક ઘટના - જાતે ચકાસણી કરીને અનુભવેલી ઘટના - નું અત્રે નિરૂપણ કરું છું.

પૂનાથી પંદર માઈલ અને બે ફર્લાંગ દૂર મહાબળેશ્વર-બેંગલોરના રસ્તે જમણા હાથે વળતાં રસ્તાથી બેએક ફર્લાંગ દૂર ઓલિયા હજરત કમરઅલી દરવેશની દરગાહ આવે છે. તે જગા આગળ શિવપુર નામનું એક નાનું ગામ છે. પૂનાથી મહાબળેશ્વર જનારને આ રસ્તે જવાનું હોય છે. આ દરગાહના દર્શન કરવાં સર્વ કોમોનાં ભાવિક જનો આવે છે.

'કમરઅલી દરવેશ' એક ઓલિયા ફકીર હતા. કહેવાય છે કે શિવાજી મહારાજના જમાનામાં આ ગામમાં આવીને તેઓ વસ્યા હતા. તેઓ પોતાના સંકલ્પબળથી અસાધ્ય ગણાતા રોગોને પણ મટાડતા. એ રીતે દીન, હીન, દુઃખી, દલિત જનોનાં દુઃખો નિવારતા.

આ દરગાહમાં બે ચમત્કારિક પથ્થરો છે એ વાત સૌ પ્રથમ મેં કોલંબોના મારા એક મિત્ર મારફત જાણી હતી. આવા તો ઘણા ગપગોળા સાંભળવામાં આવતા હોય છે. એટલે શરૂઆતમાં તો મને એ બાબતમાં કશું જ વજૂદ હોય એમ લાગ્યું ન હતું.

૧૯૫૭ની સાલના સપ્ટેમ્બર મહિનામાં એકવાર મારે મદ્રાસથી મુંબઈ જતાં કામકાજ અંગે પૂના ઊતરવાનું થયું. તે પ્રસંગે આ દરગાહની પ્રત્યક્ષ મુલાકાત લેવાની મારી ઈચ્છા ફળી. સપ્ટેમ્બરની ૧૯મીને મંગળવારે હું અને મારા યજમાન સવારે નવેક વાગ્યે એ સ્થળે ટૅક્સીમાં પહોંચ્યા. મસ્જિદમાં દાખલ થતાં જ સામે બે મોટા ગોળ પથ્થરો પડેલા જોયા. અગાઉથી જાણેલું કે આ પથ્થરો 'કમરઅલી દરવેશ' એ નામનો મંત્રોચ્ચાર કરતાં માત્ર આંગળી અડાડવાથી ઊંચા થાય છે. એ સાંભળેલું ત્યારે તો ખરેખર એ એક ભારે અજાયબ વાત જેવું લાગેલું.

બંને પથ્થરો જુદી જુદી સાઈઝના અને જુદા જુદા વજનના હતા. મોટો ગોળ પથ્થર અંદાજે પંદર ઈંચ ઊંચો અને પચાસ ઈંચના પરિઘવાળો અને અંદાજે ૨૪૦ રતલ એટલે કે કાચા સાડા પાંચ મણ જેટલો લાગ્યો. નાનો ગોળ પથ્થર અંદાજે અગિયાર ઈંચ ઊંચો અને ચુંવાળીસ ઈંચના પરિઘવાળો તથા વજનમાં અંદાજે ૧૬૦ રતલ એટલે ચાર કાચા મણ જેટલો લાગેલો.

મોટા પથ્થરને અગિયાર વ્યક્તિએ અને નાના પથ્થરને નવ વ્યક્તિએ આંગળીથી

અડકવાનું હતું. નાના પથ્થરને પ્રથમ અમે ઊંચકી જોવા પ્રયત્ન કર્યો. મારા સશક્ત યુવાન યજમાને પ્રયત્ન કર્યો પણ ઊંચકી શક્યો નહિ. પછી અમે નવ જણે નીચે નમીને એકેક આંગળી છેક તળિયે અડકાડીને બધાએ એકીસાથે 'કમરઅલી...દ...ર...વે....શ...' એવો દીર્ઘ મંત્રોચ્ચાર કર્યો. છેલ્લો શબ્દ દરવેશ અમે પ્રત્યેક અક્ષરને છૂટા પાડીને લંબાવીને દ...ર...વે...શ શ્વાસ ઘૂંટીને એકસાથે બોલ્યા કે તરત અમારી અજાયબી વચ્ચે તે પથ્થર આપોઆપ ઊંચકાયો અને અમારી છાતી સુધી તે ઊંચકાઈ આવ્યો અને છેલ્લા અક્ષરો...વે...શ પૂરો થતાં ને શ્વાસ મૂકી દેતાં ધબ્બ દઈને પથ્થર નીચે પડ્યો. ફરીથી તે પ્રયત્ન કર્યો. ફરી પણ એ જ રીતે પથ્થર ઊંચકાયો.

અમોએ 'હરિઃૐ' એ મંત્રોચ્ચાર કરીને તે જ પ્રમાણે પથ્થરને ઊંચકવાનો પ્રયત્ન કર્યો પણ એ મંત્રોચ્ચારથી પથ્થર જરા પણ હાલ્યો નહિ. માત્ર 'કમરઅલી દરવેશ'ના નામના મંત્રોચ્ચારથી જ પથ્થર ઊંચકાય છે તેની ખાતરી કરી. સાત પુરુષો અને બે બહેનો મળી નવ વ્યક્તિ થઈને ઊંચકવાનો પ્રયત્ન કર્યો. 'કમરઅલી દરવેશ'નો મંત્રોચ્ચાર કર્યો છતાં પથ્થર ઊંચકાયો નહિ. આમ, ઊંચકનાર વ્યક્તિ બધા પુરુષો જ હોવા જોઈએ એ સાબિત થયું. એ પુરુષોમાં નાની વયનાં છોકરાંઓ હોય તો તે ચાલે એવી માહિતી અમને મળી હતી અને પ્રયોગ કરતાં એ યથાર્થ જણાયું. મસ્જિદના કંપાઉંડમાં બહેનો પ્રવેશી શકે છે ખરાં, પરંતુ દરવેશની દરગાહની નજીક જવાની તેમને મનાઈ છે. આ બેઉ પથ્થરો મસ્જિદના કંપાઉંડમાં જ હોવાથી બહેનોને અમારી સાથે રાખી ઊંચકવાનો પ્રયોગ શક્ય બન્યો.

આઠ જણાએ આંગળીઓ અડાડીને 'કમરઅલી દરવેશ'નો મંત્રોચ્ચાર કર્યો તોપણ પથ્થર ન ઊંચકાયો. નવની જ સંખ્યા જોઈએ. અમે બધા મળીને પાંચ જણ હતા. એ પાંચ જણમાં છોકરાંઓનો સમાવેશ થઈ જતો હતો.

'કમરઅલી દરવેશ' એમ શ્વાસ ઘૂંટીને એકીસાથે બોલીને, શ્વાસ વધુ વખત રોકીને, પથ્થરને ઝડપથી આંગળીઓને સહારે ઊંચે લઈ જવાની શ્વાસ છૂટે તે પહેલાં એટલે કે 'દરવેશ' શબ્દ પૂરો થાય તે પહેલાં જેટલો વધુ ઊંચો લઈ જઈએ તેટલો તે ઊંચો આવે છે. અમો અમારી છાતી સુધી એટલે કે ચાર ફૂટ ઊંચે લઈ જઈ શકેલા. છતાં એક વસ્તુ ચોક્કસ કે શ્વાસ વધુ વખત રોકીને હજુ પણ વધુ ઊંચો તે પથ્થર ઊંચકી શકાય ખરો અને તે પણ હળવા ફૂલની જેમ. બંને પથ્થર આટલા જ હળવી રીતે ઊંચકી શકાયા. બધાએ માત્ર એકેક આંગળી અડકાડી રાખવાની અને તેય માત્ર નામની જ. અહીં જે ઇલમ - ચમત્કાર છે તે તો 'કમરઅલી દરવેશ' નામના મંત્રોચ્ચારનો. પથ્થર આપમેળે જ નામોચ્ચારની સાથે ઊંચકાય છે. આંગળીઓ તો માત્ર નિમિત્તરૂપે નામના આધારરૂપે અડે છે. બીજો ગોળ પથ્થર છે તેને એવી જ રીતે અગિયાર પુરુષોએ આંગળી અડકાડતાં તે જ પ્રમાણે ઊંચકાયો હતો. આ પ્રયોગ અમે પાંચથી છ વાર કરેલો ને દરેક વેળાએ પથ્થર ઊંચકાયો હતો.

નિર્ધારિત સંખ્યાના પુરુષોમાંથી પણ જો એકાદ-બે જણ 'કમરઅલી દરવેશ'નો દીર્ઘ

ઉચ્ચાર કરીને ના બોલે તો પથ્થર ઊંચકાતો નથી. બધાએ એકીસાથે જ લંબાણથી ઉચ્ચાર કરવો જોઈએ એવી એની આવશ્યક શરત છે.

એક બીજી લાક્ષણિકતા પણ જોવા મળી. જેનો શ્વાસ વહેલો ખૂટી જાય એટલે કે જેનો મંત્રોચ્ચાર વહેલો બોલાતો બંધ થાય તેની નજીક ધબ દઈને પથ્થર પડે છે. આ બધા પ્રયત્નોથી એક તારણ પર સ્વાભાવિક આવી શકાય કે જો બધી વ્યક્તિઓ લાંબા સમય સુધી શ્વાસને રોકીને મંત્રોચ્ચાર કરે તો પથ્થરને માથા સુધી ઊંચો લઈ જઈ શકાય ખરો.

ચૈત્ર સુદ પૂનમના અરસામાં મુસ્લિમ કૅલેન્ડર અનુસાર 'સવાત' માસની બારમી તારીખે વાર્ષિક મોટો મેળો ઉર્સ આ દરગાહ આગળ ભરાય છે ને હજારો સ્ત્રી-પુરુષો ત્યારે ત્યાં એકત્રિત થાય છે. એ આ સ્થળનો મહિમા છે.

આ ઘટના અનુભવ્યા પછી સ્વાભાવિક રીતે જ એમ લાગ્યું કે શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત પોતાની ટચલી આંગળી વડે ઊંચકેલો અને પોતાની સાથે બીજા ગોપભાઈને પણ લાકડીનો ટેકો આપવા જણાવેલું. આ કૃષ્ણજીવનની ઘટનાનું ધાર્મિક અને આધ્યાત્મિક રહસ્ય સમજવામાં આ મસ્જિદમાંના પથ્થરોની ઘટના માર્ગદર્શક થઈ પડે. કંઈક ઝાંખો પ્રકાશ પણ પાડી શકે.

આ ઓલિયાના દેહોત્સર્ગને ઘણાં વર્ષ થઈ ગયાં હોવા છતાં તેમના નામના મંત્રોચ્ચારમાં આવી અને આટલી બધી અદ્ભુત શક્તિ છે એનું ભાન થતાં શિર સહર્ષ નમી પડે છે.

આશ્રમની અટારીએથી, ત્રીજી આ., પૃ. ૭૮-૮૧ ❑

**(અનુસંધાન પેજ નં. ૮ નું ચાલુ)**

ઘરમાં પ્રવેશતાં જ તેમણે ભીંત પર લટકાવેલી ચાચાજીની છબીને ત્રણવાર સ્પર્શ કર્યો. પછી તેમને ચાચાજી વિષે કંઈક બોલવાની વિનંતી થતાં તેમણે ઉષ્માભરી અંજલિ હિંદીમાં આપી. તેઓશ્રીએ કહ્યું;

''હું કરાંચીમાં મારા વડીલને ત્યાં રહેતો હતો. ત્યારે ચાચાજી ત્યાં પધારતા. ત્યારથી મારે તેમની સાથે ગાઢસંબંધ થયેલો. તેમની સાદાઈ, તેમની નમ્રતા, નિખાલસતા ને તેમનો સર્વ પ્રત્યેનો પ્રેમભાવ જોઈને હું તેમના તરફ આકર્ષાયો હતો. તે પછી હું શાંતિનિકેતનમાં એક માસ રહેવા માટે ગયેલો. ત્યાં પણ તેમની સાથે રહેવાનું બનેલું. તેઓ નમ્રતાની મૂર્તિ હતા. તેઓ જે પ્રેમ વરસાવતા તેની ગંગધારામાં સ્નાન કરવાનું મને સદ્ભાગ્ય મળેલું તેથી મારી જાતને હું ઘણો બડભાગી માનું છું. એમનું સદાય પ્રસન્ન મન કે હસુહસુ ચહેરો જોઈને બહુ આનંદ પામતો.''

શ્રીમોટાના જીવનમાં મહાત્માઓ, આ. બીજી.
પૃ. ૧૭, ૧૮, ૩૪, ૩૫, ૫૧, ૫૩ ❑

**(અનુસંધાન પેજ નં. ૯ નું ચાલુ)**

છે. **પ્રાર્થનાનું બળ તો જે જાણે છે તે જાણે છે.** જેમ ઘરમાં આગ લાગી હોય ને પોતે તેમાં ભેરવાઈ પડ્યા હોઈએ, એમાંથી મુક્ત થવાને જીવ જે અકથ્ય તરફડિયાં મારે છે, તે વેળા જે આર્તનાદ પુકારે છે, તેવા જ આર્તભાવે જે સાધક પ્રાર્થના કર્યા કરતો હોય છે એને પ્રત્યક્ષ મદદ મળ્યા કરતી તે પોતે અનુભવે છે. તેવો જીવ તે પછીથી કદી પણ પોતાને એકલો, અટૂલો માની જ નથી શકતો.

'જીવન સોપાન', બી.આ., પૃ.૧૭૨ ❑

## (૬) મારી સાધના

**દાસાનુદાસ - દયાનંદ તીર્થ**

મારી સાધનાનો એક પ્રસંગ યાદ આવવાથી અહીં લખું છું: એક વખત હું વિચારમાં પડ્યો કે હું માતાજીનું પૂજન કરું છું, માળા ફેરવું છું. છતાં પણ મને માતાજીનું પ્રત્યક્ષ સ્વરૂપ કેમ દેખાતું નથી? તે વેળા હું ખૂબ જ બેચેનીમાં રહેતો હતો. પૂજા કર્યા બાબતનો, માળા ફેરવ્યા બાબતનો અને ભજનો ગાયા બાબતનો આનંદ ક્યાંય જતો રહેતો અને રડવાનું ચાલુ થઈ જતું. મૌન અને ઉપવાસનું સેવન કરીને એકાંતમાં પડ્યો રહેતો. તે અરસામાં હિમાલય તરફથી (ઉત્તર કાશીથી) એક સંત આવેલા. તેમણે મને રડતો જોઈને કહ્યું કે તમે ભલે માતાજીને ખોળતા હોવ કે પિતાજીને ખોળતા હોવ, પરંતુ જ્યાં સુધી બહાર ખોળશો ત્યાં સુધી તમારા ભાગ્યમાં રડવાનું જ છે. પછી હસવાનો વારો ક્યારે આવશે ? જો હસવાનો ટાઈમ લાવવો હોય તો (૧) જેને ખોળો છો તેનું રૂપ નક્કી કરો, (૨) તેને તમારા પિંડમાં જ ખોળો અને (૩) પિંડમાં મળ્યા પછી બહાર પણ તેને જ જુઓ. કારણ કે તે સર્વ વ્યાપી છે. પછી તમને જે આનંદ આવશે તેની પાછળ ઉદ્વેગ નહિ હોય, રડવાનું બંધ થઈ જશે અને હસવાનું ચાલુ થશે. છતાં પણ અટકી જશો નહિ. **આનંદ અને ઉદ્વેગ બંનેનું વિસ્મરણ તેનું જ નામ ઈશ્વરપ્રાપ્તિ,** તેનું જ નામ પરમાનંદ, તેનું જ નામ અનંત શાંતિ.

બસ, પછી તો જેમ બને તેમ મારાં મૌન, ઉપવાસ અને એકાંતની માત્રા વધતી ચાલી, જુદી જુદી પ્રતીતિઓ મળવી શરૂ થઈ, અંતરમાંથી અંતર્વાણીનું સ્ફુરણ થવા માંડ્યું અને તે મુજબ વર્તવાથી અંદરબહાર એકસરખું લાગવા માંડ્યું. મેં નક્કી કરેલું સ્વરૂપ જોયું, ઉપરાંત, ઈશ્વરે દયા કરીને તેનું અવર્ણનીય એવું સત્યસ્વરૂપ પણ બતાવ્યું. માતાજી અને પિતાજી એટલે કે શિવ અને શક્તિના જે ભેદ હતા તે તૂટી ગયા, દેવતાઓના અને ઈશ્વરી અવતારોના ભેદ તૂટી ગયા, ધીરે ધીરે માનવ માનવ વચ્ચેના ભેદ પણ તૂટી ગયા, અંતે પાશવની પાશવતા અને દાનવની દાનવતા પ્રત્યેનો ભેદ પણ તૂટી ગયો અને બધાંની બધી જ ક્રિયામાં કેવળ એક ઈશ્વર જ ખેલી રહ્યો છે એવું સચોટપણે સમજાઈ ગયું. તમે કહેશો કે આ બધું થયું એ તો સાચું પણ તે બધું પામવા માટે તમે શું કર્યું હતું એ તો કહ્યું નહિ. હા, સાંભળો. **પહેલાં મેં નક્કી કર્યું કે ઈશ્વર જ્યોતિસ્વરૂપ છે.** માટે મને મારામાં જ જ્યોતિનાં દર્શન થાય તે માટે મેં એક એવી ઓરડીનો આશરો લીધો કે જેમાં પેસીને નાની એવી બારી હતી તેને બંધ કરતાં જ અંધારું અંધારું થઈ જાય, કેવળ બારીની તરડમાં જ કંઈક ઉજાસ દેખાય, પરંતુ હું તો તેને પણ કપડાંના ડૂચા ખોસીને બંધ કરતો હતો. હવે રોજ સવારે ભીંતને અઢેલીને એક અરીસો મૂકતો અને પાંચ ફૂટ દૂર શ્યામ મૃગચર્મ ઉપર હું આસન વાળીને સ્થિર ચિત્તે બેસતો. મારા શ્વાસ સાથે મારા પિંડમાં પેસતો અને શ્વાસોચ્છ્‌વાસ સાથે બહાર નીકળીને સામે આયના સુધી જતો. તે સિવાયનું બીજું બધું જ મને વિસ્મરણ હતું. **શ્વાસ જીત્યો તેણે વિચારો જીત્યા અને વિચારો જીત્યા તેણે વિશ્વ જીત્યું.** બંધ દૃષ્ટિ હોય ત્યારે

આપોઆપ જ્યોતિસ્વરૂપનું ધ્યાન થઈ જતું અને ખુલ્લી દૃષ્ટિ હોય ત્યારે આપોઆપ આયના સામે ત્રાટક થઈ જતું. ઓરડીમાં ગાઢ અંધકારે કરીને શરૂમાં જે અરીસો પણ દેખાતો ન હતો, તેને બદલે હવે ઝાંખા પ્રકાશમાં અરીસો દેખાવો ચાલુ થયો. તેની અંદર મારું પ્રતિબિંબ પણ દેખાવા લાગ્યું. બાજુમાં મંદિર હતું. સાયંકાળે ઘંટ, ઘડિયાળ અને આરતીનો અવાજ આવતો ત્યારે હું ત્યાંથી બહાર નીકળતો. સવારથી સાંજ સુધીના બાર કલાકના ગાળામાં બપોરના ટાઈમે હું જ્યાં બેસતો ત્યાં જ સૂઈ જતો. કેટલું બેસતો અને કેટલું સૂઈ જતો તેનો કોઈ ટાઈમ ન હતો અને ટાઈમ જેવું નક્કી પણ ન થતું. છતાં, બહાર નીકળ્યા પછીના મારા વર્તન ઉપરથી હું નક્કી કરી શકતો કે સૂવા કરતાં બેસવાનો ટાઈમ વધુ હતો. **આમ તો હું ઉપવાસમાં છત્રીસ રતલ પાણી પીતો, પરંતુ જ્યારે તે ઓરડીમાં બેસવું હોય ત્યારે હું વગર પાણીના ત્રણ ઉપવાસ રાખતો.** ત્રણ દિવસ આવી રીતના પસાર થયા પછી એક અઠવાડિયું તે પ્રયોગ બંધ રાખતો અને વળી પાછો ચાલુ કરતો. હવા ઉપર ઉપવાસ કર્યા બાદ જ્યારે તે ઉપવાસ છોડીએ ત્યારે ગરમ પાણી કે ચા, કૉફી ઈત્યાદિ પીવું, ઠંડું પાણી ભૂલેચૂકે પણ પીવું નહિ. આવી રીતે એક માસમાં ત્રણ પ્રયોગ થતા. દરેક વખતે કંઈક ને કંઈક વધુ પ્રકાશ પ્રાપ્ત થતો. **લગભગ છ મહિને એક વખત એવું બન્યું કે ઓરડીમાં પ્રકાશ પ્રકાશ થઈ ગયો અને તે પ્રકાશ મારા મસ્તકની આજુબાજુ પણ ઘણા જ પ્રમાણમાં વીંટળાયેલો હતો** તે હું આયનામાં મારા પ્રતિબિંબની સાથે જોઈ શકતો હતો. વળી પ્રકાશ કંઈક પીળાશ જેવો લાગતો હતો. પછી મેં તે પ્રયોગ બંધ કર્યો. ત્યાર બાદ ઘણા જ સીધા, સાદા અને સાત્ત્વિક વૃત્તિના મનુષ્યોમાં મને તેવા જ પીળા પ્રકાશની ઝાંખી થવા લાગી. તે વેળા બહારના માણસો મને ગાંડો માનતા, પણ હું મારી ધૂનમાં જ મસ્ત રહેતો અને તેથી મને ઘણો જ આનંદ આવતો. કોઈ મારે માટે ગમે તે કહે અને મારી સાથે કદાચ તિરસ્કારભર્યું વર્તન રાખે તોપણ મને તે સહજ લાગતું. તે વેળા મારું નાહવુંધોવું બંધ હતું, કપડાં પણ મેલાંઘેલાં હોય. તેથી બહારથી શુદ્ધ રહેનારને મારા ઉપર અભાવ આવે એ સ્વાભાવિક છે. તેમાં મારે ખોટું લગાડવાનું હોય જ ક્યાંથી ? અંતે એક વખત હું અંબાજી ગયો. ત્યાં ગોખ સન્મુખ સ્થિર ચિત્તે દરવાજા પાસેની પાળી ઉપર બેસી રહ્યો. થોડા જ ટાઈમમાં તે ગોખ અને તેની મધ્યનાં આભૂષણો લય થઈ ગયાં અને એક મોટો આયનો હોય એવું લાગ્યું. વળી તે આયનામાં મારું પ્રતિબિંબ દેખાયું. મને આનંદનાં આંસુ આવવાં ચાલુ થયાં, આંખો આંસુથી ભરાઈ ગઈ, બધું જ દેખાવું બંધ થયું અને છાતીમાં કોઈ અનેરો આનંદ આવવાથી આનંદનો ડૂમો ભરાઈ ગયો. બસ, એમ જ થયા કરે કે ઓહો, આ બધું જ ઈશ્વર છે ! હું, તું, તે, આ અને પેલું એ **આપણી અજ્ઞાનતાએ કરીને જુદું જુદું દેખાય છે ! જુદું છે જ ક્યાં ? બધું એક જ છે, બધું ઈશ્વર જ છે. ઈશ્વરને ખોળવાનો છે જ ક્યાં ? કેવળ સમજી જવાનું છે.** સમજાવનાર પણ સમજાવવા તૈયાર છે, કેવળ આપણે જ આપણા અહંકારનો નાશ કરવાનો છે. અહંકાર ઓગળે છે વિરહથી.

માટે જો તમારે ઈશ્વરને જોવો, જાણવો અને અનુભવવો હોય તો સતત તેનો વિરહ સેવવો ચાલુ કરો. જ્યારે તમને ઈશ્વર માટે તીવ્ર તાલાવેલી લાગશે ત્યારે તે સર્વ વ્યાપી ઈશ્વર તમારા પિંડના પોલાણમાં પ્રગટ થઈને તમારા વ્યક્તિગત સ્વરૂપને તેના દિવ્ય સ્વરૂપમાં મેળવી દેશે અને ક્ષણમાત્રમાં જ પાછા તમને તમારા પિંડની બહાર દૃષ્ટિ ફેરવતા કરી દેશે. છતાં પણ તેથી તમોને જરાયે નુકસાન નહિ થાય, કારણ કે જ્યાં જ્યાં તમારી દૃષ્ટિ પડશે ત્યાં ત્યાં ઈશ્વર જ દેખાશે. જે સાધકને પોતાના પિંડમાં ઈશ્વરની પ્રતીતિ થતી હોવા છતાં પણ જો બહારનાં દૃશ્યોમાં ઈશ્વરપણાની પ્રતીતિ ના થાય, તો તે સાધક ઈશ્વરી અનંત આનંદને નહિ પામતાં પોતાનામાં જ ઈશ્વર છે એવા વ્યક્તિગત અહંકારમાં ભીંસાઈને અંતે ઉદ્વેગને પામે છે. **છતાં પણ હું એમ નથી કહેતો કે આ બધું મેં કર્યું. એ તો એની દયાથી થઈ ગયું.**

બાળપણથી જ મારા જીવનમાં સહનશક્તિના પ્રસંગો ઉપરાઉપરી આવતા. પ્રતિકૂળ પ્રસંગો તો ઘણા બધા આવતા. દરેક પ્રતિકૂળ પ્રસંગને સહન કરીને મારે એમ જ કહેવું પડતું કે ભગવાનની ઇચ્છા. અને એ વાક્ય એટલું બધું હૃદયમાં દૃઢ થઈ ગયું છે કે અત્યારે પણ જે કંઈ સાધન-ભજન થાય છે તે ભગવાનની ઇચ્છાથી જ થાય છે. હું શું કરી શકું ? **વળી, ખાસ તો એ છે કે આવું બધું અનેક જન્મોથી આપણે કરતાં આવ્યા છીએ, કરીએ છીએ અને હજુ પણ કરીશું.** ફેર એટલો જ કે પહેલાં જે કંઈ અભાનપણે કરતાં હતા તે હાલમાં ભાનમાં રહીને કરીએ છીએ. અને હાલમાં જે કંઈ અભાનપણે થતું હશે તે હવે પછી ભાનમાં રહીને કરીશું, દિનપ્રતિદિન વધુ ને વધુ આનંદ પામતા રહીશું અને ઈશ્વર તરફ આગળ વધતા જઈશું. ઈશ્વર અનંત છે. તેથી તો વેદો પણ તેને 'નેતિ નેતિ' કહીને પુકારે છે. તો પછી આપણાથી એવું કેમ કહેવાય કે મને ઈશ્વર મળી ગયો ? હા, હજુ તો તેના વિસ્તૃત સ્વરૂપનો આપણને અનુભવ થાય છે. બાકી, જ્યારે એનું મૂળસ્વરૂપ પામીશું ત્યારે તે કહેવા સાંભળવા પણ નહિ ઊભા રહીએ, એનામાં એકરૂપ થઈ જઈશું. બસ, આવી ગાંડી ગાંડી વાતો બહુ લખી નાખી. હશે, પ્રભુએ લખાવ્યું તે લખ્યું. આપણા દેહ જુદા જુદા છે. આપણી પ્રકૃતિ જુદી જુદી છે. તેથી કરીને આપણી સાધના પણ જુદી જુદી હોય છે, છતાં પણ બધા મનુષ્યોની ક્રિયા જુદી જુદી હોવા છતાં, રડવા-હસવાની ક્રિયા એકસરખી હોય છે, તેમ બધાંની બધી સાધના જુદી જુદી હોવા છતાં અંતર્મુખ થવા બાબતની ક્રિયા તો એકસરખી જ હોવી જોઈએ.

'વીણેલાં ફૂલ ભાગ-૩', પૃ. ૫૯ ❑

**ખૂબજ અગત્યની નોંધ**

આવકવેરાના કાયદાઓ અનુસાર દાન/ભેટ આપનારનાં નામ, સરનામુ, પાનનંબર, આધારનંબર, ચુંટણીકાર્ડનંબર કે ડ્રાઈવીંગ લાયસન્સ નંબરમાંથી ગમે તે એક પરંતુ પાનનંબર હોય તો વધુ સારું તથા મોબાઈલનંબર આપવો ફરજિયાત છે. તેની દાન/ભેટ આપનાર સ્વજનોએ અવશ્ય નોંધ લેવા વિનંતી છે.

**- સંપાદક**

# (૭) ભગવાનનો ભાવ હાજરાહજૂર

**શ્રીમોટા**

ભગવાને આપણને કેટકેટલું આપેલું છે એનો આપણને જીવનમાં ખ્યાલ પણ આવતો નથી. એવા ખ્યાલ જો વારંવાર આવ્યા કરતા હોય તો આપણને ભગવાન ઉપર ખૂબ જ વહાલ, પ્રેમ ઉભરાયાં કરે છે.

મને તો એવી ટેવ છે, કે જે જે સ્વજન મને પ્રેમ આપે છે, એમનું સ્મરણ આ રીતે જ ભગવાનની કૃપા તરીકે હું કરું છું અને મનમાં ઓછો ઓછો થઈ જાઉં છું.

આમ, ભગવાન કેવો કૃપાળુ, પ્રેમાળ અને હિતચિંતક છે, એનો એ રીતે જીવનમાં પ્રત્યક્ષ અનુભવ થાય છે. એવો અનુભવ જેમ જેમ ગાઢો થતો જાય છે, તેમ તેમ જીવનમાં મઝા, રસ, લહેજત અને એની અંતર્ગત સંકલનાનો હેતુ જીવન સમક્ષ સ્પષ્ટ સમજાય છે. વળી, ભગવાનના ભાવમાં જ ડૂબ્યા રહીને જગતમાંની એની લીલા નિહાળ્યા જ કરવાનું મન થાય છે.

વ્યવહારમાં જેને આપણે જાણતા નથી હોતા, એવાની સાથે આપણો સંબંધ થતાં તેમને નજીક આવેલા આપણે અનુભવીએ છીએ, એ તો સૌ કોઈનો પ્રત્યક્ષ અનુભવ છે. એટલે સંબંધ જ મહત્ત્વનો છે.

**સંસારના સંબંધીઓ કરતાં ભગવાનનો ભાવ તો વધારે હાજરાહજૂર છે.** પણ એનો સંબંધ આપણે હજી પૂરો ને રસ-પ્રેમ ભાવથી બાંધી શક્યા નથી. તેથી જ એ આપણને આઘે ને આઘે લાગે છે. એવો સંબંધ થતાં એ તો પાસે જ છે. એટલે આપણી સર્વશક્તિ, સર્વભાવ, સર્વ પ્રેમાકર્ષણ, ખંત, બળ વગેરે જે કંઈ આપણામાં ને આપણું હોય તે બધાનો ઉપયોગ એનો સંબંધ બાંધવામાં જ જ્યારે આપણે કર્યા કરીશું ત્યારે આપણને એના હાજરાહજૂરપણાની ઝાંખી થયા વિના રહેશે નહિ. માત્ર આપણે ખાઈખપૂસીને મંડ્યા રહેવાનું છે.

કોઈને પણ સારાં કામમાં જો આપણે મદદ કરીએ છીએ તો તે માણસને આપણા માટે કેટલું બધું સારું લાગ્યા કરે છે અને આપણા માટે કેટલી બધી મમતા ઉભરાયા કરે છે ! આપણે ધારીએ તો તો આપણા જીવનમાં - વ્યવહારમાં - **જગતમાં કેટલાં બધાંને મદદરૂપ થઈ શકીએ એમ છીએ** ! પણ આપણે આપણામાંથી જ ક્યાં પરવારીએ છીએ ?

આપણે એટલા બધાં અજ્ઞાનમાં ડૂબેલાં અને પામર છીએ કે આપણા સિવાય બીજા કોઈનો ઝટ ખ્યાલ જ આપણને આવતો નથી. આપણે આપણાથી પર થઈ શકતાં નથી, એ કેટલું ભારે બંધન છે, પણ એ બંધનનો ખ્યાલ સરખોય આપણને કદી આવે છે ખરો ? આપણને તો એથી ઊલટો એમાં રસ પડે છે.

આ કંઈ તમારી વાત કરતો નથી. તમારે માથે ઓઢી લેવાનું નથી. **હું તો સામાન્યપણે જગતજનો માટે લખું છું. તેમાં આપણે પણ આવી જઈએ છીએ.**

જો આપણે, આપણને છોડીને બીજાનો ખ્યાલ કરવાનું રાખીએ તો જરૂર આપણું જીવન પ્રત્યેનું સમગ્ર દૃષ્ટિબિંદુ બદલાયા વિના રહે નહિ.

ભગવાને આપેલી અનુકૂળતાનો આપણે કેટલો લાભ લીધો છે ? એ રીતે વિચારતાં આપણે કેટલા બધા નગુણા છીએ એનો ખ્યાલ

**(અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)**

## (૮) ભાવનામાં ચેતનતા છે

**સ્વામી શ્રી સદાશિવ**

મૂળ મહત્તા ભાવનાની છે. ગુરુઓનો આ માર્ગ છે. જે પ્રમાણે ભાવના રાખી હોય તે પ્રમાણે કામ થાય, માટે હું વારંવાર કહું છું કે ભાવનાથી (degrade)ડીગ્રેડ ન થાવ-નીચે ના ઊતરો. ભાવનાનું ડીગ્રેડેશન (degradation) જ અધઃપતિત કરે છે. **કર્મ તો જડ છે.** એમાં ફળ આપવાની તાકાત જ નથી. **ભાવનામાં ચેતન છે.** પૂજાપાઠ કરો, બહારથી સાત્ત્વિકતા લાગે, પણ જો ભાવના મલિન હોય તો મલિન ફળ મળશે. માટે કર્મ નહિ, ભાવના શું છે, એ જ જોવાનું છે. ભાવનામાં વ્યક્તિ રહેતી નથી.

મા જેમ હરહાલતમાં મા એ મા જ છે, એ વ્યક્તિ છે જ નહિ. પોતાના પુત્રથી એ એકાદ દિવસ પણ એકલી પડે તો એ રાંધે નહિ, ખાય નહિ. એ જ રીતે જેઓ આત્મજ્ઞાની છે, તેઓ પોતાના માટે માગવા પણ જાય અને માત્ર બીજાનું કલ્યાણ કરે. **પહેલાં તમો આત્મજ્ઞાન પ્રાપ્ત કરો, પછી જ બીજાની સેવા કરી શકો.** જો તમે જ ભણ્યા નથી તો બીજાને શું ભણાવશો ? પહેલાં પોતે કમાઓ પછી દાન કરો, તમારા ઘરમાં ખાવાનાં ફાંફાં હોય અને તમો બહાર જઈને આમંત્રણ આપી આવો તો શું તેઓ પણ તમારી સાથે બગાસાં ખાશે ? જ્યારે તમારી પાસે ખૂબ ખાવાનું થાય ત્યારે તમારા જીવન માટે રાખીને બીજાને ખવડાવો.

રાગ મુક્તિમાર્ગમાં બાધક ખરો, પણ આત્મસાક્ષાત્કાર થયા પછી જે કાંઈ કર્મો થાય છે, એ સેવામાં પરિણમે છે. સાધના માર્ગમાં ચાર વિઘ્ન છે, લય, વિક્ષેપ, કષાય અને રસાસ્વાદ. કષાય એટલે વણાઈ ગયેલાં. જેમ કપડાને રંગ કર્યો છે અને તમો એને સારી પેઠે ધૂઓ તો રંગ ઉપરથી થોડો ઓછો થાય છે, પણ કપડાના તાણાવાણામાં જે રંગ છે, એ રહી જાય છે. એ જતો નથી. એમ ચિત્તનો 'વિક્ષેપ' જપતપથી ઉપર ઉપરથી જાય છે. સામાન્ય 'વિક્ષેપ' જતો રહે છે, પણ જે વિઘ્નો મનમાં તાણાવાણાની માફક વણાઈ ગયાં હોય એ જતાં નથી.

સ્વર વ્યંજન છૂટાં પાડીને (વિશ્લેષણ) મંત્ર બોલવાથી, આંતરમનમાં જે કર્મો રહી ગયાં હોય એ સ્વપ્નાવસ્થા કે વિચારથી, ભાવનાથી ક્ષય થાય છે. જે કર્મો તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ હોય એ ભોગવવાં પડે છે. **અમુક કર્મો પરકાયા પ્રવેશ કરીને ભોગવાય છે. અમુક કર્મો જન્મ પણ લેવડાવે છે.** યોગીને કયા કર્મો મંદ, તીવ્ર, તીવ્રતર કે તીવ્રતમ છે એની ખબર પડી જાય છે. અમુક કક્ષા પછી યોગીઓને માર્ગદર્શનની પણ જરૂર પડતી નથી. પોતાનાં કર્મો પોતે જ જોઈને ક્ષય કરતા હોય છે.

ત્યાર બાદ જે રસાસ્વાદ વિઘ્ન છે એમાં પાંચ સિદ્ધિઓ દિવ્ય શબ્દ, દિવ્ય સ્પર્શ, દિવ્ય રૂપ, દિવ્ય રસ અને દિવ્ય ગંધ આ પંચરસ છે. તેને યોગમળ કહેવામાં આવે છે અને તે યોગમાર્ગમાં અંતરાય છે.

જેને 'સદ્‌ગુરુ' કહેવામાં આવે છે, એ વાસ્તવિક રીતે વ્યક્તિઓ નથી હોતા, પછી લોકો એને ગમે તે ટાઇટલ મહામંડલેશ્વર વગેરે આપે. આ માર્ગ માટે સાધન કરવાની સાથે

એનું સાહિત્ય પણ વાંચવું પડે. કોઈ પણ ભાવનાથી મંત્રો જ કર્યા કરે અને એને અંદરથી માર્ગદર્શન મળી રહે તો તો જુદી વાત છે.

સાધનથી એક અનુભૂતિ મળે છે, કે દૃષ્ટાભાવ ખૂલી જાય છે, ક્યાં દોષ છે, ક્યાં વધુ આસક્તિ, ઓછી આસક્તિ થાય છે, ક્યાં હર્ષ, ક્યાં શોક થાય છે એ સ્પષ્ટ ભાસી આવે છે. એ દોષો જોઈને, ઉપાય શોધીને નાશ કરવાના હોય છે. અગર દોષો ન હોય તો સાધનની પણ શી જરૂર છે ? ખેતરમાં ઘાસ હોય તો તેને નીંદવાનું છે.

**સાધનામાં બે વસ્તુની ખાસ જરૂર હોય છે. સંતોષ અને સંયમ. જીવનમાં સંતોષ અને સંયમ પ્રત્યેક સંયોગોમાં પાળો. સાધકને સાધનની ભૂમિકામાં લઈ જવા માટે અનુષ્ઠાન જરૂરી છે.**

કોઈને પ્રશ્ન થાય કે કોઈ સાધક મંત્રો ન કરે અને માત્ર સારી ભાવના જ રાખે તો ચાલે ? તો તેનો જવાબ એ છે, કે **સારી ભાવનાથી માત્ર મનનો વિકાસ થાય. ક્રિયાત્મક સાધન ન કરો ત્યાં સુધી શરીરના દોષો દૂર ન થાય. શરીર રોગગ્રસ્ત રહે.**

**પારકાના દોષ જોવા એ મહાપાપ છે. પોતાના દોષ જોવા એ મહાપુણ્ય છે.** આશ્રમમાં કે યજ્ઞમંડપમાં અને ગુરુમંદિરમાં આ પ્રમાણેના બોર્ડ ચારેબાજુ રાખવા જોઈએ, જેથી સાધક ગમે ત્યાં બેઠો હોય, ત્યાંથી પણ ચાલુ મંત્રે એ આ વાક્ય વાંચતો રહે. આ વાક્ય મંત્ર સ્વરૂપ બનીને સાધકના પ્રાણમાં રમી જાય. આપણે કોઈના દોષ જોવા નથી. તુલસીદાસજી કહે છે :-

**'જડ ચેતન ગુણ-દોષમય, વિશ્વ કિનર કર્તા,**
**સંત, હંસ ગુણગ્રહી પય પરિહરી બારી વિકાર.'**

એટલે કે જડ ચેતન બધાંમાં ગુણદોષ છે. સર્જન માત્રમાં ગુણદોષ છે પણ જે સંતરૂપી હંસ છે, એ માત્ર ગુણ લઈ લે છે, જેમ હંસ પાણી છોડી દઈ દૂધ લઈ લે છે. સૌ પ્રથમ આપણાં પાપ ધૂઓ, બીજાનાં પાપ ધોવા શા માટે જાઓ છો ? તમારાં સફેદ કપડાં જોઈને જ ગંદા કપડાં પહેરનાર શરમાઈ જશે. દોષો જોવાથી અંત નહિ આવે. દોષો જોવા એ તો સરળ છે. ભગવાનમાં પણ દોષ શોધવા જઈએ તો મળે એમ છે. કોઈના પણ દોષ જોવાનો આપણને અધિકાર છે જ નહિ, આ કથન બધા સાધકોના મગજમાં ઊતરી જવું જોઈએ. સૌ પ્રથમ પોતાનાં પાપ ધોઈ નાખવાં. એ જ આચરણ છે. સદ્ આચરણના બળે છળ, કપટ બધું જ જતું રહેશે. રાગદ્વેષ પણ રહી શકતા નથી.

'પ્રજ્ઞારસ માધુરી, ઉત્તરાર્ધ', પ્ર.આ., પૃ. ૩૦ ❑

---

**(અનુસંધાન પેજ નં. ૧૬ નું ચાલુ)**

આવ્યા વિના રહેતો જ નથી. કોઈ દલીલ કરે કે 'અમને જે મળ્યું છે તે બધું અમારી બુદ્ધિ, હોશિયારી અને અમારા પુરુષાર્થને લીધે મળેલું છે. બુદ્ધિ, હોશિયારી અને પુરુષાર્થ બીજા અનેક દાખવ્યા કરતાં હશે, પણ એ લોકોને એવા સંજોગો પ્રાપ્ત થયેલા હોતા નથી, એવા અનુભવ પણ આપણને જગતમાં થયા કરે છે.

સંસાર વ્યવહારમાં આપણા પર કોઈ જરાક જેટલો ઉપકાર કરે છે તો એને આપણે કેવું યાદ કરીએ છીએ ! પણ ભગવાનને એવી રીતે આપણે યાદ કરીએ છીએ ખરાં ?

'જીવન પગરણ' બી.આ., પૃ.૧૫૪ ❑

## (૯) નાવડીના સહારાની સભાનતા

**શ્રીમોટા**

તારું નામસ્મરણ બરાબર ચાલતું નથી. હજી મનના તરંગોમાં ઘણું ભરાઈ પડવાનું બને છે. મન તો અનેક તુક્કાઓ ઉઠાવે, પરંતુ આપણે જો સભાન નહિ રહીએ તો વહાણ ખરાબે ચડવાનું છે.

સમુદ્રનાં મોજાં ઊછળે છે, પડે છે અને મોજાંની ભરતીઓટ થયા જ કરે છે. જ્યાં સુધી આપણને નાવ મળી નથી ત્યાં સુધી તેની તેની સાથે આપણી પણ ભરતીઓટ થયા કરવાની. જો નાવ મળી છે એવો મનહૃદયથી દઢ વિશ્વાસ જાગી જાય તો મોજાંઓ, હિલોળા, છોળો ચડતી ઊતરતી જણાયા કરે તેમ છતાં નાવડીમાં છીએ એવું એનું મનમાં ભાન હોવાથી મોજાંની છોળોનું ઊછળવાપણું કે તેનું પાછા પડવાપણું એ બંને ક્રિયાથી આપણને કશો થડકારો થતો નથી. એટલે **નાવડી મળ્યાનું ભાન આપણને ઘણું જરૂરનું છે.**

જ્યારે જ્યારે વિચારરૂપી મોજાંની પ્રચંડ છોળો અફળાય ત્યારે ત્યારે નાવડીમાં છીએ એવું જીવતુંજાગતું જ્ઞાનભાન મનમાં પ્રગટ્યા કરે તો તો વાંધો ના આવે. **કેટલીક વાર તને એવા વિચાર થાય છે અને આવે છે કે જેથી અમારા જેવાને પણ આંચકા લાગે. માટે સાવધ રહેવું.**

ભગવાનના નામસ્મરણની ધૂન પ્રગટાવી, એ ધૂનની મસ્તીમાં શ્રીપ્રભુપ્રીત્યર્થે સકળ કર્મ યજ્ઞભાવે કર્યાં કરી તેને પાછાં જ્ઞાનભક્તિપૂર્વક સમર્પણ કર્યાં કરવાં. જો ભગવાનને પંથે જવું છે તો આવું કર્યા વિના આરો નથી. અમારી સોબત પણ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની પળે પળ જીવતી રહે તો જ ચાલી શકે. **ભગવાન હજાર હાથવાળો છે. તેને જે તે બધું સોંપ્યા કરવાનું જ્ઞાનયુક્ત ભાન રાખે તો તે બધું સંભાળે તેવો છે.**

સોંપવાનો અર્થ એવો છે કે તે સોંપ્યા પછી તે અંગેનો કશો પણ આપણને વિચાર ના થાય. સાવ નિરાંતપણું આપણે અનુભવી શકીએ. સંસાર વહેવારનાં કર્મમાં પણ આપણે એને જ રાજી રાખવાને જે તે બધું કરીએ અને એમ એની ભાવનામાં નિશદિન તરબોળ રહ્યા કરીએ તો જ શ્રીપ્રભુની લગની લાગવાની છે, તે વિના નહિ.

**આ જીવ સાથેનો સંબંધ એ જીવનવિકાસની ભાવનાને કેળવવા, દઢાવવા અને અનુભવવા કાજેનો તે સંબંધ છે.** જીવનને બીજી રીતે વપરાવી દેવા કાજે તે સંબંધનો કશો અર્થ નથી. જો આ જીવના સંબંધથી કરી જીવન અંગેની ભાવના અને સમજણ જીવનના યોગ્ય વર્તનમાં ન ઉતારી શકાય અથવા તો એવી આંતરિક પ્રેરણા અને સહાનુભૂતિ મળ્યા કરતી ન લાગે તો પોતે ઊભા રહીને વિચારવું.

આ જીવ અંગે બિલકુલ અતિશયોક્તિ વિના ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ જેમ એક ને એક બે થાય છે, તેવી સ્પષ્ટ હકીકતના ભાનથી તને લખવાનું છે કે મારામાં પ્રભુકૃપાથી જે કંઈ ચેતન રહેલું હોય, તેવા ચેતનપણાના અમુક અમુક સ્પષ્ટ અને નકારી ન શકાય એવા દાખલાઓ જીવનમાં બનેલા છે. એવા કેટલાય અનુભવ હોય કે જેના ખ્યાલથી જરૂર એમ કહી શકાય કે આવું આવું થવું કે હોવું એ જીવનના આધ્યાત્મિક ક્ષેત્ર ઉપર ચેતનની અમુક કક્ષાના પ્રમાણમાં તેમ હોઈ શકે.

જગતમાં જે જે સ્વજનો મળેલાં છે કે મળશે, તેમને તેમને જીવનની સાથે એકરાગ કરવાને પ્રભુકૃપાથી મથાવવાનું બને છે.

એ કળા શ્રીભગવાનની કૃપા - બક્ષિસ છે. અમને એમ લાગ્યું છે કે જો કોઈ પણ એક જીવ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકારથી કરી અમારામાં એકરાગ થઈ જશે તો તેવાના જીવનમાં પણ તેવા અંકુર ફૂટવાના છે.

'જીવન મંડાણ', બી.આ.,પૃ.૩૪ ❑

# (૧૦) પ.પૂ.ધૂણીવાળા દાદા કેશવાનંદજીની વિશિષ્ટ લીલાઓ

સંકલનકર્તા :
ભાલચંદ્ર જી. શુકલ

(૧) પ.પૂ.કેશવાનંદજી પોતાની મસ્ત મસ્તીમાં ધૂણી પાસે બેઠા છે. એક શેઠિયો મહામૂલી કિંમતી સાલ લઈને આવી દાદા પાસે મૂકે છે. દાદા તાકીને જુએ છે. સ્પર્શ કરતા નથી. (શેઠના પ્રેમનો સ્વીકાર છે. પણ હું કિંમતી સાલ લાવ્યો તે અહમ્‌નો અહીં સ્વીકાર નથી) આખરે શેઠે શાલ ખુલ્લી કરી દાદાના શરીર પર ઓઢાડી દીધી. દાદાએ તે ખેંચી કાઢી ડૂચો વાળી ધૂણીમાં નાખી બાળી નાખી. (બેટા, તારા મનમાં ''કિંમતી''નું અહમ્ ભડકો થઈ બળી ગયું) શેઠે જણાવ્યું કે જો આપને જોઈતી ન હતી તો પાછી આપી હોત તો કોઈ ગરીબને કામ લાગતે.

દાદાએ ઓ મોડા... કહી એક છોકરાને બૂમ મારી. (આ મોડો તે આપણા પૂ. કેવલાનંદજી) દાદા તેને ચાવીનો જૂમખો આપી કહ્યું, સામેના કબાટમાંથી વચલા ખાનામાં શાલની થપ્પી છે. તેમાં છેક ઉપરની શાલ લઈ આવ. તેમ થતા તે શાલ શેઠને આપી કહ્યું જોઈ લો, જીણવટથી તપાસો. તમે લાવેલા તે જ શાલ છે ને ? શેઠ જોઈ તપાસી પસ્તાયા, વિચાર્યુંઃ મારા આવા વિચારથી સંતનો પ્રસાદ-મહેરબાની કેમ કરીને મળશે ? અંતર્યામી દાદા જણાવે છે લઈ જા પાછી શાલ આ, જાણી મારો પ્રસાદ. જા મોજ કર બાળ, હે દૂર કરી વિષાદ

(૨) એક શેઠ આવી પાકીટ ખોલી કળકળતી નવી નોટનાં બંડલોની થપ્પી દાદાના ચરણોમાં મૂકે છે. દાદા તે હાથમાં લઈ હસતા-હસતા ફેરવી બધી નોટ જોઈ અને પછી ધૂણીમાં નાંખી દીધી. મોટો ભડકો થયો. (શેઠના અહમ્‌નો નાશ થયો) શેઠનું મોઢુ પડી ગયું. દાદાએ બૂમ પાડી, 'અરે મોડા...' મોડો આવ્યો. દાદા જણાવે છે મારી ગાદી નીચે નોટોની ઘણી થપ્પીઓ છે. તેમાંથી બે થપ્પીઓ લઈ આવ. મોડો નોટની થપ્પીઓ લઈ આવી આપે છે દાદા તે થપ્પીઓ શેઠને આપતા કહે છે તમે આપેલી તે જ છે કે નહિ તે તપાસી લો. શેઠે જોયું તો તે જ થપ્પીઓ હતી. શેઠ રડતી આંખે પગે લાગતા જણાવે છે કે, ''ક્ષમા કરો દાદા મને, હું અજ્ઞાની બાળ જાણ્યા વિના તમ શક્તિનો કૂટ્યો વ્યર્થ કપાળ.'' દાદા જણાવે છે : ''નોટો પ્રસાદી મારી લઈ જા તું સત્વર; બચ્ચા મુજ આશિષ છે જા અબ મોજ તું કર.''

અહીં એક ઘટના યાદ આવે છે. ગણેશપુરીના નિત્યાનંદ બાબા કેરેલામાં હતા ત્યારે કૂવાઓ ખોદાવતા, રસ્તાઓ બનાવતા. આ નાણાં ક્યાંથી આવે છે એમ વિચારી પોલીસ તપાસ કરે છે. બાબા તેમને મગરોવાળા તળાવ પાસે લઈ જઈ તેમાં પોતે કૂદી પડે છે અને કોરી નોટના ચલણી બંડલોનો ઢગલો પોલીસો ઉપર ફેકે છે.

(૩) નાગપુરમાં સરકારી ઑફિસર હતો તેને ભયંકર રોગ થયો. અનેક ઉપાયોથી ન મટતા કોઈક ચૌદસિયાએ એ ઑફિસરને ઊંધો દોરવ્યો કે બિભત્સ ગાળો બોલતા નગ્ન રહેતા

ધૂણીવાળા કેશવાનંદજીએ તને કંઈક કરી મૂક્યું છે. ઑફિસર બંદૂકની ગોળીએ વિંધવા માટે કેશવાનંદજી દાદા પાસે આવે છે. દાદા ગુરુએ તેમના પર બિભત્સ ગાળોનો ધોધ વરસાવતાં કહ્યું, - ''મૂરખ કહીંકા, મુઝે મારને કો બંદૂક લેકે આયા દિખાદે તેરી તાકત, માર ગોલી માર મુઝે'' પરંતુ બંદૂક બંધ થઈ ગઈ. સરકારી ઑફિસરની આંખે અંધારાં આવી ગયાં. બંદૂકનો ઘોડો દબાવવા ખૂબ પ્રયાસ કરે છે, આંગળીઓ નિષ્ક્રિય થઈ ગઈ. હાલતી જ નથી. અંગ ધ્રુજવા લાગ્યું. બંદુક પડી ગઈ પરસેવે રેબઝેબ થઈ ગયો. પસ્તાયો, દોડ્યો શ્રીદાદા કેશવાનંદજીનાં ચરણોમાં પડ્યો, રડ્યો, પરિણામે એ સરકારી ઑફિસરનો તમામ રોગ નાબૂદ થઈ ગયો.

અહીં બીજી એક ઘટના યાદ આવે છે :- ગણેશપુરીના નિત્યાનંદબાબા કેરેલાના ઊડીપી વિસ્તારના કટપાડી ગામમાં છે. ઘણાં લોકો આકર્ષાયા બાળકોનું વૃંદ સદા તેમને વીંટળાઈને રહેતું. એક શ્રીમંત ગૃહસ્થનાં બે બાળકો સ્કૂલે નહિ જતા બાબા પાસે જ રહેતા તેથી શ્રીમંત વ્યક્તિ એક મુસ્લિમને લાંચ આપી નિત્યાનંદ બાબાનું કાસળ કાઢી નાખવા પ્રયાસ કરે છે. મુસલમાન છરો લઈ પૂ.બાબાના રોજના માર્ગ પર સંતાઈ રહ્યો છે. અંતર્યામી પૂ.બાબા તેની સામે જઈ ડોકી નમાવી ઊડાવી દેવા સૂચવે છે. મુસલમાન છરાવાળો હાથ ઊંચો કરી મારવા જાય છે, પણ તેનો હાથ ઉપર ને ઉપર જ જકડાઈ જાય છે. લોકો કૉર્ટમાં કેસ કરે છે ત્યારે બાબા કહે છે મુસ્લિમની તે સમયની સ્ફુરણા હતી એને માફ કરી દો. પરબ્રહ્મ ચૈતન્યશક્તિ સાથેનું જોડાણ આવાં કાર્યો કરે છે. તે જ શક્તિથી સરકારી ઑફિસરની બંદૂક પડી જાય છે અને પસ્તાવાથી સાજોનરવો થાય છે.

(૪) પૂ. રંગઅવધૂત મહારાજ પણ મહાઅભિનિષ્ક્રમણ (ગૃહત્યાગ) બાદ હિમાલયમાં તપશ્ચર્યા કરવાના વિચારે પૂ. કેશવાનંદજી ધૂણીવાળા દાદા પાસે આશીર્વાદ લેવા જાય છે. પૂ.દાદા કોઈનું કંઈ પણ આપેલું કે હાથથી ખવડાવેલ ખાતા નથી પણ પૂ.રંગ અવધૂતજીના હાથમાં રહેલી કેરી ઝૂંટવી લઈ ચૂસી ખાય છે. આ છે પરબ્રહ્મ ચૈતન્ય દ્વારા મંગાયેલી ગુરુદક્ષિણા. હવે દાદા બબડે છે.

''જાવું છે હિમાલયે, શું દાટ્યું છે ત્યાંય ?  
કામ થવાનું ત્યાં નથી, જાવા ઈચ્છે છે જવાય.  
તારો નિશ્ચિત થયો રેવાતીરે વાસ  
માટે અહીંથી જા પરત પૂરી થશે આશ.''  
વળી કહે છે. ''જંગલમાં મંગલ''

આ સમયે (મધ્ય રાત્રિએ) પૂ. દાદા કેશવાનંદજી એક નિર્દોષ ગાયને ડંડીકાથી ભયંકર રીતે મારી રહ્યા હતા. પણ ગાય નિરાંતે ખાઈ રહી હતી, જાણે ડંડીકાનો માર તેને ગલીપચી લાગતી હોય. આ લીલા વિચિત્ર લાગે પરંતુ તે ગાયના આત્મકલ્યાણની ભાવના દ્વારા ગાયના પૂર્વજન્મનાં પાપો ધોવાતાં હોય છે. આવા પરબ્રહ્મ ચૈતન્યશક્તિ સાથે એકાકાર સંતો ગુરુવર્યોને મારા દંડવત્ નમસ્કાર કે જેમના મુખમાંથી શબ્દો સર્યા છે કે તમારે માટે, ''હું સર્વત્ર વિદ્યમાન છું.'' - પૂ.શ્રીમોટા

સ્રોત :- રંગલીલામૃત. અ-૧૬-૧૭ સંકલન ❑

# (૧૧) વિચારો માત્ર અટકે તો ઉત્તમ

**શ્રીમોટા**

**આપણે જ વિશ્વ છીએ અને આપણામાં જ સારુંય વિશ્વ વસેલું છે,** એમ જે કહ્યું છે તેમાં ખોટું નથી. નાનાં છોકરાંઓ માટે ઘર કે સ્ટીમરના નાના મૉડેલ-નમૂના બનાવવામાં આવે છે, તે પેલા ઘર કે સ્ટીમર કરતાં તો ક્યાંય નાના હોય છે, તેમ આપણે પણ આ સમસ્ત વિશ્વના એક નાના મૉડેલ છીએ. વિશ્વના એક unit - એકમ - આપણે દરેક છીએ.

કહેવાય છે, કે વિશ્વ ગોળાકારમાં ગતિ કરે છે. આપણી પણ ગતિ ગોળાકાર હશે એમ જણાય છે. **આપણે જ્યાંથી આવ્યા ત્યાં જ પાછા જવાનું છે એમ દેખાય છે.** તેવી જ રીતે આપણે જે રીતે વિચાર કરીએ છીએ તે જ રીતે તે ફરીને પાછા આપણામાં પેસતા હોય છે, એટલે **નકારાત્મક વિચારો જેટલા ઓછા થાય તેટલું વધારે સારું,** નહિ તો પાછા એ વિચારો બેવડા જોરથી-બેવડી ગતિથી - આપણામાં પેસવાના છે અને આપણને વધારે નુકસાન કરશે. તેવી જ રીતે બીજાના વિચારો પણ તેવું જ પરિણામ લાવવાના છે. માટે, રચનાત્મક વિચારો કર્યા કરવા એ જ આવકારદાયક છે. **વિચારો માત્ર અટકે તો તો સર્વથી ઉત્તમ છે.**

મનને વિચાર કરતું અટકાવી રાખવું હોય અને એને બીજા રચનાત્મક કામમાં વાળી રાખવું હોય, તો આપણે ખૂબ ખૂબ મંથન કરીને, જાગૃતિ રાખીને, **સતત ભગવાનનું નામ લીધા કરવાનું છે.** એમાં આપણે મરી મીટવાનું છે.

આપણે within - અંતરમાં - without બહિર્માં બંને રીતે એક થવું હોય, તો બહિર્માં એક દૃષ્ટિ રહી શકે તે માટે ભક્તિની જરૂર છે અને અંતરમાં એક થવાને માટે ધ્યાનની જરૂર છે. કર્મ તો પ્રત્યેક પળે આપણે કરતા રહેતા હોઈએ છીએ જ, પણ આપણે આપણા વિકાસનો હેતુ રાખીને કર્મ કરવાનાં છે.

આપણા એકલા જ માટે પણ એના સાચા અર્થમાં યોગ્ય રીતે કર્મ આપણાથી થતાં જશે તો એ વિશ્વમાં પ્રસરશે જ. પોતાની પત્ની, પરિવાર, કુટુંબકબીલો, વહેવાર, વેપારવણજ વગેરે પણ કર્મ જ છે, એટલે કર્મનું પરિણામ અને કર્મનું ક્ષેત્ર છે. એ કર્મનો વહેવાર પણ આપણા આત્મવિકાસ માટે જ કર્યા કરવાનો છે.

ઉપરની રીતે કર્મો કેમ કરવાં એ એક પ્રશ્ન છે, પરંતુ જિજ્ઞાસુને જીવન જીવતાં જીવતાં જ એવી જાતનાં બધાં સમાધાન મળી જ રહે છે. એટલે જિજ્ઞાસુને જ્યારે એવા પ્રશ્ન થાય, ત્યારે વધારે અંતર્મુખ થઈને ભગવાનની અભિમુખ વધારે થવાય એવી રીતે શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ, આદરભાવના અને શરણાગતિની ભાવના કેળવ્યા કરવાનું એણે રાખવું. **જે વસ્તુ આજે નથી સમજાતી તે કાલે સમજાશે જ એ નક્કી છે.**

**તમારે બીજું ઘણું કામ ભલે હોય, પણ કૃપા કરીને, ખૂબખૂબ મહેનત લઈને નામસ્મરણ સતત ચાલુ રાખવાની મહેનત કરજો. એ જ આપણું ખરું કામ છે.** એને જ મહત્ત્વ આપવાનું રાખશો. કોઈ પણ ઉપાયે એની યાદ રહ્યા રહે એટલું તો કરશો જ.

'જીવન પગથી' ચોથી આ., પૃ.૯૪ ❑

## (૧૨) 'અવધૂત' એટલે....

**ડૉ. અરુણ શેલત**

'અવધૂત' શબ્દનો અર્થ આમ તો 'વૈરાગીસાધુ' થાય છે. મનુષ્યજન્મની સાર્થકતા પરમપદની પ્રાપ્તિ, આત્મતત્ત્વનું જ્ઞાન પામવું અથવા ઈશ્વર સાથે એકત્વ સાધવું તે છે. પરમાત્મા સાથે સાધેલું એકત્વ એક અદ્વૈતની પ્રાપ્તિ છે. અદ્વૈત આત્મવિદ્યાનું સર્વોચ્ચ શિખર છે. અદ્વૈતની પ્રાપ્તિ કરનાર અવધૂતકક્ષાનો યોગેશ્વર હોય છે. એ ભક્તિની પરાકાષ્ઠા છે. અવધૂતનો અન્ય અર્થ 'મસ્ત' છે.

અવધૂત ઉપનિષદમાં પહેલો શ્લોક આ પ્રમાણે છેઃ

अक्षरत्वाद्वरेण्यत्वाधूत संसारबन्धनात् ।
तत्त्वमस्यादि लक्ष्य त्वादवधूत इतीर्य ते ॥

**अ** એટલે અજર, અમર, અવિનાશીપણું, શિવસ્વરૂપ

**વ** એટલે વરણ્ય-યોગી કરોડોમાં શ્રેષ્ઠ હોય છે.

**ધૂ** એટલે સંસારનાં બધાંયે બંધનોથી મુક્ત - ઉત્કટ જ્ઞાનપ્રાપ્તિને કારણે યોગી મુક્ત હોય છે.

**ત** એટલે તત્ત્વમસિ. તે તું છે - તે ચેતનસ્વરૂપ, આત્મસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ તું જ છે તેવું જ્ઞાન જેને મળ્યું હોય તે 'અવધૂત' કહેવાય.

જે પરમયોગી જુદી જુદી વર્ણોના વાડાને, બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ વગેરે આશ્રમોને વિવિધ ધર્મોના નીતિ-નિયમોને ઓળંગી પોતાના આત્મામાં રમમાણ રહે તેને અવધૂત કહેવાય. ધર્મ-અધર્મનો વાડો અવધૂતને સ્પર્શતો નથી. પોતાની ઇંદ્રિયોને વશ રાખવા માટે અવધૂતના અંતરમાં આત્મધ્યાનનો અશ્વમેઘ યજ્ઞ નિરંતર ચાલુ જ હોય છે. આ અશ્વમેઘ યજ્ઞમાં અવધૂત હૃદયની વેદીમાં પ્રજ્વળતા યોગાગ્નિની જ્વાળામાં અહર્નિશ 'સોઙહં' જાપનાં સમિધ હોમ્યાં કરે છે.

ગુરુ ગોરખનાથે કહ્યું છે કે :-

*'એક હાથ મેં ત્યાગ હૈ, દૂસરે મેં ભોગ,*
*ત્યાગ-ભોગસે લિપ્ત ના સો અવધૂતી જોગ.'*

અવધૂત કોઈ પણ ભોગ ભોગવે તોપણ તે પાપ કે પુણ્યથી લેપાતો નથી.

અવધૂત શેષ રહેલાં પ્રારબ્ધ કર્મો પૂરાં કરી શરીર છોડી દે છે અને પછી ક્યારેય પૃથ્વી ઉપર પાછા આવતા નથી. આમ છતાં પ્રભુની મરજીને કારણે અમુક કાર્ય કરવા માટે પૃથ્વી ઉપર અવતરે તોપણ તેઓ મુક્ત જ હોય છે. એક વખત અવધૂતી સ્થિતિ પ્રાપ્ત કરી લીધા બાદ તેને કોઈ વિધિનિષેધ નથી હોતો. પવિત્રતા, અપવિત્રતા જેવું કે સ્ત્રીપુરુષ આદિ લિંગભાવના હોતી નથી.

સંસારની પરંપરારૂપ રજોગુણનો વિકાર અવધૂતને સ્પર્શતો નથી. સંતાપ, દુઃખ વગેરેની પરંપરાવાળો તમોગુણ તેમને સંતાપતો નથી અને સ્વધર્મ ઉપજાવનાર સત્ત્વગુણ પણ તેમનાથી દૂર રહે છે. તેઓ ત્રિગુણાતીત હોય છે. અવધૂત જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય અવસ્થાઓથી પર હોય છે. ભૂત, ભવિષ્ય કે વર્તમાન તેમને માટે નથી. તેઓ શૂન્ય નથી હોતા, અશૂન્ય નથી હોતા. તેઓ માત્ર પરમ સત્ય તત્ત્વ-આત્મસ્વરૂપે જ વિલસતા હોય છે.

**'અવધૂત ગીતા'**માં ખુદ દત્ત અવધૂતે અવધૂતનાં લક્ષણો વર્ણવતાં કહ્યું છે કે :-

'અવધૂત કામનાઓથી રહિત, જિતેન્દ્રિય, પવિત્ર, સંગ્રહ નહિ કરનાર, નિઃસ્પૃહ, શાંત, મિતાહારી, પ્રાણીમાત્ર તરફ દયાભાવ રાખનાર, સહનશીલ, સત્યરૂપ, ઉપકારક, ધીરજવાન, સમર્થ, નિર્ભય, જ્ઞાની અને પરમ તત્ત્વને નિરંતર સમર્પિત થયેલા હોય છે.'

આશારૂપી બંધનોથી મુક્ત અને આદિ, મધ્ય અને અંતમાં નિર્મળ હોઈ નિરંતર આનંદમાં જ રહે છે, તે અવધૂતનું **અકાર** રૂપ છે. જેણે વાસના ત્યજી છે, જેનાં વચન નિર્દોષ છે, જે માત્ર વર્તમાનમાં જ જીવે છે તેનું **વકાર** રૂપ છે. જે ધ્યાન ધારણાથી મુક્ત થઈ ગયા હોય તે અવધૂતનું **ધૂકાર** રૂપ છે. અને જેણે તત્ત્વનું ચિંતન કર્યું છે, જે સાંસારિક ચિંતા-ચેષ્ટાથી રહિત છે તે અવધૂતનું **તકાર** રૂપ લક્ષણ છે.

'અલખનો આરાધક અવધૂત', પ્ર.આ.,પૃ.૧ થી ૫ સંકલીત ❑

## (૧૩) પ્રસંગરંગ : ''અમે બધાનું બધું જ જોઈ રહ્યા છીએ'' — કાર્તિકેય અ. ભટ્ટ

અમદાવાદમાં કાંકરિયા પાસે આવેલા વેદમંદિરમાં શ્રીમોટા એક વખત પધારેલા. ત્યાંથી વિદાય લેતી વખતે મોટરકાર ચાલુ થઈ અને થોડી આગળ ગઈ. મોટાએ ગાડી ઊભી રખાવી. સાદ દઈને શ્રીમોટાના આધ્યાત્મિક સાહિત્યના લેખક અને સંપાદક શ્રી રમેશભાઈ ભટ્ટને એમની પાસે બોલાવ્યા, ઈશારાથી રમેશભાઈનું માથું નીચું કરાવી એમના કાનમાં ધીમેથી એક વાત કહી અને પલકારામાં ત્યાંથી વિદાય થયા. શ્રીમોટાની ગુપ્ત વાત સાંભળતા જ શ્રી રમેશભાઈને ચક્કર આવી ગયા. એ વખતના ગુજરાત રાજ્યના ચીફ્ ઍન્જિનિયર શ્રીમોટાના પરમ ભક્ત કાંટાવાલા પણ આ પ્રસંગે હાજર હતા. તેઓ શ્રી રમેશભાઈને તથા તેમનાં પત્ની શ્રીમતી અરુણાબહેનને ઘરે મૂકવા ગયા. સંપૂર્ણ સ્વસ્થ થયેલ શ્રી રમેશભાઈને કાંટાવાલાએ પૂછ્યું, શ્રીમોટાએ તમને શું વાત કાનમાં કરી હતી ?'' શ્રીમોટાએ શ્રી રમેશભાઈને, કરેલી વાત એમણે કોઈને કરવી નહિ એવી તાકીદ કરી હતી.

પાછળથી આ પ્રસંગની સ્પષ્ટતા કરતાં શ્રી રમેશભાઈએ લખ્યું હતું. ''શ્રીમોટાએ મને કહ્યું કે ધર્મિષ્ઠાબહેને (શ્રી રમેશભાઈના મોટાં સાળી-માસીસાસુની દીકરી) પુત્ર સંતાન માટે પ્રાર્થના કરી છે. પ્રભુકૃપાથી એ ફળશે, પરંતુ એ માટે એના પ્રાણની આહુતિ અપાશે. આ વાત તારે (રમેશભાઈએ) કોઈને કહેવાની નથી.''

આશરે છ મહિના પછી બનનારી આ દુઃખદાયક ઘટના શ્રી રમેશભાઈ સામે તાદશ્ય રહ્યા કરતી હતી. આ વાતની ગુપ્તતા જાળવવી એ રમેશભાઈ માટે મોટી કસોટી હતી. આશરે ત્રણ દિવસ પછી શ્રી રમેશભાઈ શ્રીમોટાના દર્શનાર્થે આશ્રમમાં ગયા ત્યારે તેમણે પોતાની ગભરામણની વેદના મોટા સમક્ષ રજૂ કરી. શ્રી રમેશભાઈની આ સમસ્યાનો ઉત્તર શ્રીમોટાએ આપ્યો, જે અદ્‌ભુત અને અવિસ્મરણીય છે. શ્રીમોટાએ કહ્યું, ''.... આ તો માત્ર છ મહિના પછી બનનારી ઘટનાની તમને જાણ થઈ છે. **અમે અનંતકાળમાં બધાનું બધું જ જોઈ રહ્યા છીએ. કોઈને કશું જ કહેવાનું હોય નહિ. આ જ મોટો સંયમ છે. તમે પણ સંયમ કેળવવાની ભાવનાથી આ મળેલા સમયનો ઉપયોગ કરો.**

આ ઘટના બનવા પાછળનું એક કારણ એ હોઈ શકે કે એક વખત શ્રી રમેશભાઈએ હળવાશના મૂડમાં શ્રીમોટાને પૂછી લીધું હતું કે ''મોટા અમને ત્રણે કાળનું- ત્રિકાળનું દર્શન થાય ખરું ? સ્વજનોને તૈયાર કરવાની શ્રીમોટાની પદ્ધતિ અનોખી હતી. આ પ્રસંગની નોંધ કરતાં શ્રીમોટાએ શ્રી એ.જી.ભટ્ટ સાહેબને કરેલી એક વાતનું સ્મરણ થાય છે.'' ભટ્ટ સાહેબ ! ભૂતકાળ અને ભવિષ્યકાળ જેવું કાંઈ છે જ નહિ, એકમાત્ર વર્તમાન જ છે. અનુભવી પુરુષ એક માત્ર વર્તમાનમાં જ રહે છે.'' ટૂંકમાં જે વર્તમાનને પામી જાય છે. એ પોતાને-પોતાના સ્વરૂપને પામી જાય છે.

## (૧૪) પૂજ્ય શ્રીમોટાએ પોતાનાં પુસ્તકોનાં નામ 'જીવન'થી કેમ શરૂ કરેલાં ? શ્રીમોટા

આ જે જીવદશાનું જીવન છે તેને તે જ પ્રકારનું જો માનવીનાં મનાદિકરણ વિચારવાનું કર્યા કરે તો તેવો માનવી તે જ પ્રકારના જીવનમાં રહ્યા કરે. પોતાને જે પ્રકારનું જીવન જીવવું છે, જે ઊર્ધ્વતમ, અનુપમ, ભવ્ય અને દિવ્ય ચેતનાના પ્રદેશની તેને જે ઉત્કટમાં ઉત્કટ લગની છે, તેને હાલ ને હાલ તો તે અનુભવી શકતો નથી, પરંતુ તે ઊર્ધ્વ પ્રકારના જીવનનો તાદૃશ ખ્યાલ આવી શકે તેવા પ્રકારનું પ્રતીક તે પોતાની સામે સતત એકધારું રાખી શકે છે. અને એમ થતું હોય તો જ અખંડ, સહજ અને મૌલિક આનંદની પ્રાપ્તિ થવા માટેની વાસ્તવિકતા સાંપડી શકે. આવા ઊર્ધ્વ, ભવ્ય અને દિવ્ય પ્રકારના જીવનને માટે આદિકાળથી માનવીએ શોધ કર્યા જ કરી છે અને આજે પણ એ શોધખોળ ચાલુ જ છે.

એવું જીવન જીવવાને માટે શ્રીહરિકૃપાથી આ જીવને કોઈ અણધાર્યો, ઓચિંતો ધક્કો વાગ્યો. એ ધક્કાએ મને જીવદશાના જીવનમાંથી ચેતનાના પ્રદેશનું જીવન જીવવા માટે પ્રેરાવ્યા કર્યો તેની પણ રસિક કથની છે. તેથી તો મેં મારાં પુસ્તકોનાં નામ 'જીવન' થી શરૂ કરેલાં છે.

'જીવન રંગત', પ્ર. આ., પૃ. ૨૪-૨૫ ❑

### સદ્‌ગુરુ

જો હરિ પ્રસન્ન થાય તો સાચા ભક્ત માટે એક વાત નિઃસંદેહ છે કે ગુરુભક્તિ સિવાય કશું જ ન માગે અને જો સદ્‌ગુરુ પ્રસન્ન થાય તો ઈશ્વર આપોઆપ જ પ્રસન્ન થાય છે. સિદ્ધિ આપણાં ચરણોની સેવામાં હાજર થઈ અનિષ્ટોને દૂર હાંકી કાઢે છે. જો કદાચ ઈશ્વર પ્રસન્ન થાય તો તેટલાથી ગુરુ પ્રસન્ન થશે જ એમ ન માનવું, પરંતુ સદ્‌ગુરુ પ્રસન્ન થતાં ઈશ્વરે પધારવું પડે છે. તેથી જ કહેવાયું છે કે ઈશ્વર અને સદ્‌ગુરુ બન્ને સાથે ઊભા હોય તો કોને પહેલાં પગે લાગું ! ગુરુની બલિહારી છે કે ઈશ્વરરૂપી દીવો આપણી સમક્ષ હાજર કરે છે, માટે સદ્‌ગુરુ પ્રથમ પ્રણામપાત્ર છે.

- ગુરુકાર્યકારિણી ભાગ-૩ પ્ર. આ. પૃ. ૧૬

### ગયેલા આત્માને....

(૧) પૂજ્ય શ્રીમોટાના પરમ સ્વજન એવા રામભાઈ પી. પટેલ (મુ.પલાણા હાલ-USA)નાં દીકરી ઉષાબહેનના જીવનસાથી - જમાઈ શ્રી દિનેશકુમાર પૂનમભાઈ પટેલ (મુ.બાંધણી-હાલ ડલાસ - USA)નો તા. ૯-૪-૨૦૨૨ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

(૨) રસિકભાઈ ચુનીલાલ પટેલનો નરોડા ખાતે તા. ૧૭-૪-૨૦૨૨ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. જેઓના પિતાશ્રી ચુનીલાલ પટેલ પૂજ્ય શ્રીમોટાના શરૂઆતના નરોડા ગામના ભક્તોમાના એક હતા.

ઉપરોક્ત તમામ સ્વજનશ્રીઓનું શ્રીહરિ પૂજ્ય શ્રીમોટા કલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના...

**- સંપાદક**

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | રમેશભાઈ પી. પટેલ મુ.પલાણા (હાલ-USA) | પલાણા | ૨૫૦૦૦/- |
| | સહયજમાનશ્રી - ૮૪માં સાક્ષાત્કારદિન-રામનવમી ઉત્સવ - જ્ઞાનદાન સહયોગ | | |
| ૨. | રામભાઈ પી. પટેલ મુ.પાલાણા (હાલ-USA) | પલાણા | ૨૫૦૦૦/- |
| | જમાઈશ્રી દિનેશકુમાર પૂનમભાઈ પટેલ (મું. બાંધણી-હાલ USA) ના સ્વર્ગવાસ નિમિત્તે | | |
| ૩. | હર્ષદભાઈ પી. શાહ | વલ્લભ વિદ્યાનગર | ૧૫૦૦૦/- |
| ૪. | ડૉ. દિનેશભાઈ રામભાઈ પટેલ (મુ.પલાણા-હાલ-USA) | પલાણા | ૧૧૦૦૦/- |
| | બનેવી શ્રી દિનેશકુમાર પૂનમભાઈ પટેલ (મુ. બાંધણી-હાલ-USA)ના સ્વર્ગવાસ નિમિત્તે | | |
| ૫. | ચેતનાબહેન કિરણકુમાર પટેલ | USA | ૧૧૦૦૦/- |
| | બનેવી શ્રી દિનેશકુમાર પૂનમભાઈ પટેલ (મુ. બાંધણી-હાલ-USA)ના સ્વર્ગવાસ નિમિત્તે | | |
| ૬. | ગોરધનદાસ શંકરભાઈ પટેલ | કોબા-ગાંધીનગર | ૫૦૦૦/- |
| ૭. | એક સ્વજન | તમીલનાડુ | ૫૦૦૦/- |
| ૮. | બાલુભાઈ વસનજી દેસાઈ (પૂર્વજોનાં પૂણ્યાર્થે) | સુરત | ૨૫૧૧/- |
| ૯. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૧૦. | એક સ્વજન મુમુક્ષુ (જન્મદિન નિમિત્તે) | અમદાવાદ | ૧૧૦૧/- |
| ૧૧. | રસીલાબહેન પ્રવીણચંદ્ર સુખડવાલા | સુરત | ૧૦૦૧/- |
| | સ્વ. પ્રવિણચંદ્ર ચંપકલાલ સુખડવાલાનાં સ્મરણાર્થે | | |
| ૧૨. | વિનુભાઈ બી. પટેલ | સુરત | ૧૦૦૦/- |
| ૧૩. | મુકુંદરાય જે. પાઠક (જન્મદિવસ (૧૯/૩) નિમિત્તે) | વડોદરા | ૧૦૦૦/- |
| ૧૪. | ઉષાબહેન જવાહર ગાંધી | વલસાડ | ૧૦૦૦/- |
| ૧૫. | ઉર્મિલાબહેન મુકુંદરાય પાઠક | વડોદરા | ૮૫૦/- |
| | જીવનસાથી શ્રી મુકુંદરાય જે. પાઠકના જન્મદિવસ નિમિત્તે | | |
| ૧૬. | દેવલ પી. જાની | મુંબઈ | ૫૦૧/- |
| ૧૭. | સુમનભાઈ ટી. દેસાઈ (અખાત્રીજ-અક્ષયતૃત્તિયા નિમિત્તે) | સુરત | ૫૦૧/- |
| ૧૮. | પૂજા રાવલ | મુંબઈ | ૫૦૧/- |
| ૧૯. | ગુણવંતભાઈ આર. ભૂંગરીયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૨૦. | જ્યોતિન્દ્રભાઈ જે. મહેતા | અમદાવાદ | ૫૦૧/- |
| | રોનક જ્યોતિન્દ્ર મહેતાના જન્મદિન (૨૭/૬) નિમિત્તે ભેટ | | |
| ૨૧. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૦/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**



## વર્તન એ જ ઉપદેશ

પ્રત્યેક જીવાત્મા ભોગી થયા પછી રોગી થાય છે, ત્યાર પછી જ તે યોગી થઈ શકે છે. માટે, જે જીવ જેમ વર્તે તેમ વર્તવા દો. થાકશે એટલે ઠેકાણે આવશે. વાર્યા કોઈ નહિ વળે, હાર્યા વળશે. એમને એમના માર્ગે હારવા દો. તમે તમારા માર્ગે ચાલો.

તમારો ઉપદેશ તમે જ વર્તનમાં ઉતારો. વર્તનથી જ ઉપદેશ, વાણીથી નહિ.

- શ્રીદાસાનુદાસ

*'ફૂલમાળા', પ્ર. આ., પૃ. ૬૨*

**HARIBHAV, JUNE, 2022**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023



**મારા ગુરુમહારાજની શક્તિથી અને તેમના આશીર્વાદથી અને ભગવાનની કૃપાથી એટલું તો ચોક્કસ કહી શકું છું કે જે જીવ મારી સાથે રાગ કરશે, મોહ કરશે, પ્રેમ કરશે તે જીવની ઉચ્ચગતિ થવાની છે.**

**આટલી વાતની મને ખબર છે.**

**- શ્રીમોટા**

*'સમય સાથે સમાધાન', ત્રીજી આ., પૃ. ૫૫*

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust, B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com